RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 171* Date: 08.04.2020 * Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### જો લોકડાઉનનું પાલન નહિ કરો તો વધુ વિસ્તારો સીલ કરાશેઃ આરોગ્ય સચિવ


## ગુજરાતમાં દોઢ લાખ લોકો કોરોનાના કેદમાંઃ લોકો ચેતે

*ગાંધીનગર,તા.૭*

ગુજરાતમાં કોરોના વાયરસે હવે જાણે કે ખરેખર મહામારીનું મહા રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હોય તેમ પોઝીટીવ કેસોનો આંકડો ૧૬૫ પર પહોંચી ગયો છે. તેમાં પણ અમદાવાદમાં સ્થિતિ એટલી ગંભીર છે કે જો લોકડાઉનનો પૂરેપૂરો અમલ નહીં થયા તે હજુ વધુ વિસ્તારો હોટસ્પોટ બની શકે છે. અમદાવાદ સહિત કુલ દોઢ લાખની વસ્તી પોઝીટીવ કેસો વધતાં રીતસર કેદમાં પૂરાઇ ગઇ છે. આ વિસ્તારોના લોકોને બહાર નિકળવાની કે કોઇને અંદર જવાની મનાઇ છે. તેમને ખોરાક વગેરેની વ્યવસ્થા મનપાના સત્તાવાળાઓ સંભાળી રહ્યાં છે. એકલા અમદાવાદમાં આવા ૮ હોટસ્પોટ છે.

રાજયના આરોગ્ય વિભાગના અગ્ર સચિવ જયંતિ રવિએ મિડિયાને આપેલી માહિતીમાં લોકડાઉનનો ભંગ કરનારે કડક ચેતવણી આપતાં કહ્યું કે જેઓ લોકડાઉનમાં વગર કારણે ફરી રહ્યાં છે તેમને બીજાનો ચેપ લાગી શકે છે. અમદાવાદમાં ૧૪ હજારની વસ્તીને, ભાવનગરમાં ૯૦ હજારની વસ્તીને, રાજકોટમાં ૩ હજારની વસ્તીને અને સુરતમાં ૩૧ હજારની વસ્તીને સીલ કરી દેવામાં આવી છે. આ વિસ્તારો કોરોના રોગના હોટસ્પોટ બની ગયા છે. નવા શહેરોમાં આણંદ અને સાબરકાંઠામાં પણ કોરોના કેસો નોંધાયા છે. હોટસ્પોટ એકશ્ન પ્લાન હેઠળ આ વિસ્તારોમાં કેદ લોકોની દિવસમાં ૩ વાર તબીબી તપાસ થઇ રહી છે.

છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતમાં કોરોનાના ૧૯ નવા કેસ નોંધાયા છે. જેમાં ગુજરાતની આર્થિક રાજધાની અમદાવાદમાં કોરોનાના સૌથી વધુ કેસ નોંધાયા છે. આજે અમદાવાદમાં ૧૩ નવા કેસ નોંધાતા કુલ કેસ ૭૭ થયા છે.



જ્યારે પાટણમાં આજે વધુ એક કોરોના વાયરસથી મોત નિપજતાં રાજયમાં મૃત્યુઆંક ૧૩એ પહોંચ્યો છે. કુલ કેસમાંથી ૧૨ લોકોના મોત થયા છે અને ૨૧ લોકો ડિસ્ચાર્જ થઈ ગયા છે. અમદાવાદમાં આજે નવા કેસો બોડકદેવ, જુહાપુરા, સોલા અને દરિયાપુરના નોંધાયા છે. તો રાજયમાં સૌથી વધુ કોરોનાના દર્દી એક પછી એક અમદાવાદમાં સામે આવી રહ્યા છે. આ કેસમાં જુહાપુરામાં કેસની સંખ્યા વધતી જાય છે. નવા કેસમાં જુહાપુરામાં છ કેસ નોંધાયા છે. તો નવા વિસ્તારમાં હવે અમદાવાદના સોલા રોડ વિસ્તાર પણ ઉમેરાયો છે. સોલા રોડમાં પારસનગર વિસ્તારમાં રાજેન્દ્રસીંગ્ નામના શખસને કોરોના છે. તો બોડકદેવ વિસ્તારમાં સોનલબહેન નામની ૫૯ વરસની મહિલા ઉપરાંત મોનલબહેન શાહ પણ કોરોનાના દર્દી બન્યા છે. તો દેવપ્રીત એપાર્ટમેન્ટના રીટાબહેન ધ્રુવનો પણ કોરોના પોઝિટિવ આવ્યો છે.

તેમણે કહ્યું કે, આજે એક પણ મૃત્યુ થયુ નથી. આજે ૧ વ્યક્તિને રજા આપવામાં આવી છે. ૧૨૬ જેટલા લોકો સ્ટેબલ છે. ૪ વ્યક્તિને વેન્ટીલેટર પર રાખવામાં આવ્યા છે. પાટણમાં ૩ નવા પોઝીટીવ કેસ આવ્યા છે. અત્યાર સુધીમાં ૩૦૪૦ ટેસ્ટ કર્યા છે. આજે એક પણ મૃત્યુ થયુ નથી.

ક્લસ્ટર કન્ટેન્મેન્ટ અંગે તેમણે સમજાવ્યું કે અમદાવાદમાં જોવા મળેલા પોઝિટિવ કેસોના ક્લસ્ટરને પગલે રાજ્ય સરકારે તેવા વિસ્તારોને ક્લસ્ટર કેન્ટેમેન્ટ કામગીરી હાથ ધરી છે. ત્યાં સંપૂર્ણ રીતે લોકડાઉન કરવામાં આવે છે. તેમજ સઘન સર્વે હાથ ધરીને હાઈ રિસ્ક અને રોગના લક્ષણો ધરાવતા દર્દીઓને શોધી કાઢીને તેમનું નિદાન અને સારવાર કામગીરી હાથ ધરાય છે.

પાટણમાં પણ કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે. અને આજે વધુ ત્રાણ પોઝીટીવ કેસ નોંધાતા જિલ્લામાં કુલ પાંચ પોઝીટીવ કેસ થયો છે. અને જિલ્લો રેડ ઝોનમાં આવી ગયો છે. સિદ્ધપુરના નેદ્રા ગામના કેટલાક સેમ્પલ લેવાયા હતા. તેમાં ત્રણ યુવાનોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. પાટણ જિલ્લામાં ૭૨ કલાક પહેલા પ્રથમ કેસ નોંધાયો હતો. જે બાદ તે યુવકની ટ્રાવેલ હિસ્ટ્રી ચેક કરતા તેની સાથે ૧૪ લોકો સંપર્કમાં આવ્યા હતા. તેઓના સેમ્પલ લઈને ચકાસણીમાં નોંકલ્યા હતા. જે આવવાના હજુ બાકી છે.

દરમ્યાન, રાજયમાં નોંધાયેલા કુલ ૧૬૫ કેસમાંથી અડધોઅડધ કેસ તો, માત્ર એપ્રિલના પ્રથમ ૬ દિવસમાં જ નોંધાયા છે. ગુજરાતમાં માર્ચ માસના બીજા સપ્તાહથી કોરોનાએ પગપેસારો કર્યો હતો અને સૌપ્રથમ કેસ ૧૯ માર્ચે નોંધાયો હતો. ત્યારબાદ માર્ચ મહિના



દરમિયાન કોરોનાના કેસ વધવાનું પ્રમાણ સાધારણ રહ્યું હતું. માર્ચ મહિનામાં ૧૯ થી ૩૧ તારીખ સુધી દરરોજ સરેરાશ ૫.૬૧ કેસ નોંધાયા હતા.

માર્ચ મહિનામાં સૌથી વધુ ૧૧ કેસ ૨ તારીખે નોંધાયા હતા. જોકે, એપ્રિલ માસના પ્રારંભ સાથે કોરોનાએ વધુ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. એપ્રિલ માસમાં દરરોજ સરેરાશ ૧૨થી વધુ કેસ નોંધાઈ રહ્યા છે. છેલ્લા ૩ દિવસની જ વાત કરવામાં આવે તો ૪ થી ૭ એપ્રિલમાં કુલ ૬૦ થી વધુ લોકો કોરોનાની ઝપેટમાં આવ્યા છે. જેના ઉપરથી જ વર્તમાન સ્થિતિનો તાગ મેળવી શકાય છે. છેલ્લા ૨૪ કલાકમાં કરવામાં આવેલા ૩૧૧ ટેસ્ટમાંથી ૨૬૯ ના પરીક્ષણ જાહેર થઇ ગયા અને ૩૨ની વિગત આવવાની બાકી છે ગુજરાતમાંથી પણ ૪૩.૮૪% કેસ અમદાવાદમાંથી,૧૩.૦૧% કેસ સુરતમાં,૮.૯૦% ભાવનગરમાં, ૮.૨૨% વડોદરામાં, ૬.૮૫% રાજકોટમાં નોંધાયા છે.

### ત્રિપુરમાં પહેલો દર્દી મળ્યો, સંક્રમણ દેશના ૨૭ રાજ્યો અને ૫ કેન્દ્ર શાસિત રાજ્યોમાં પહોંચ્યું

## દેશમાં કોરોનાના કેસો પહોંચ્યા ૫ હજારની નજીક

નવી દિલ્હી,તા.૭

દેશમાં કોરોના વાઈરસ મહામારી સંક્રમણના દર્દીઓની સંખ્યા પાંચ હજારની નજીક એટલે કે ૪૯૧૯ પર પહોંચી ગઈ છે મંગળવારે ૧૨૬ નવા કેસ સામે આવ્યા છે. જેમાંથી રાજસ્થાનમાં ૨૪, મહારાષ્ટ્ર-હરિયાણામાં ૨૩-૨૩ ગુજરાતમાં ૧૯, મધ્યપ્રદેશ-કર્ણાટકમાં ૧૨-૧૨, પશ્ચિમબંગાળમાં ૧૧ અને આસામ-આંધ્રપ્રદેશમાં ૧-૧ રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયનું કહેવું છે કે સંક્રમણ બીજા અને ત્રીજા સ્ટેજમાં પહોંચી ગયું છે. જો કે છેલ્લા ૮ દિવસમાં ગઈ કાલે પહેલી



વખત એવું થયું જ્યારે નવા કેસમાં ઘટાડો નોંધવામાં આવ્યો છે. દિવસભરમાં ૪૮૯ રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ૨૮ માર્ચે સંક્રમિતોની સંખ્યામાં ૧૪૧નો વધારો થયો છે. આગામી દિવસે આમા ઘટાડો આવ્યો છે અને ૧૧૫ નવા કેસ સામે આવ્યા હતા. ત્યારબાદ રોજ સંક્રમિતોની સંખ્યા વધતી ગઈ હતી. આ બિમારી ૨૭ રાજ્ય અને ૫ કેન્દ્ર શાસિત પ્રદેશમાં ફેલાઈ ચુકી છે. ૧૩૫ લોકોના મોત થઈ ચુક્યા છે. આ દરમિયાન સરકારી અક્કડા મુજબ કોરોના કુલ ૪૪૨૧ કેસ પોઝિટીવ આવ્યા છે અને ૧૧૪ લોકોના મોત નીપજ્યા છે.

મુંબઈમાં તબલીઘ જમાતથી પાછા આવેલા ૧૫૦ લોકો વિરુદ્ધ આઝાદ મેદાન પોલીસ સ્ટેશનમાં FIR કરવામાં આવી છે. જેમની પર ક્વૉરન્ટીન નિયમોનું ઉલ્લંઘન કરવાનો આરોપ છે.

છત્તીસગઢના કોરબામાં તબલીઘ જમતા સાથે જોડાયેલા ૩૬ લોકો વિરુદ્ધ કેસ કરવામાં આવ્યો છે. જેમની પર તેમની ટ્રાવેલ હિસ્ટ્રી છુપાવવાનો અને અન્યોનું જીવન જોખમમાં નાંખવાનો આરોપ છે.

આ લોકોમાંથી એક સંક્રમિત મળી આવ્યો છે ઓ રિસ્સા સરકારે કોરોના વાઈરસના સંક્રમણને ધ્યાનમાં રાખતા રાજયમાં ૯ એપ્રિલથી ઘરની બહાર નીકળવા પર મોઢા અને નાકને ઢાંકવાનું ફરજીયાત કર્યું છે.

મુંબઈના કલીના વિસ્તારમાં એક અજાણ્યો બાઈક ચાલકે મણિપુરમાં રહેતી એક યુવતી પર થૂંકીને ભાગી ગયો હતો. યુવતીની ફરિયાદ પર ક્લૈંઈ કરવામાં આવી છે. સીસીટીવી ફુટેજની મદદથી આરોપીની તપાસ કરાઈ રહી છે.

### મોદીને અપીલ કર્યાના ૨ દિવસ બાદ ટ્રમ્પની ધમકી

## ભારત હાઈડ્રોક્સીક્લોરોક્વિનના નિકાસ પર પ્રતિબંધ નહીં હટાવે તો કાર્યવાહી શક્ય

વોશિંગ્ટન,તા.૭

અમેરિકામાં કોરોના વાઈરસ અંગે જોખમ વધી રહ્યું છે. બે દિવસ પહેલા શનિવારે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, વડાપ્રધાન મોદી મલેરિયા નાશક દવા હાઈડ્રોક્સીક્લોરોક્વિનની નિકાસ પર લગાવેલો પ્રતિબંધ નહીં હટાવે તો કાર્યવાહી કરવામાં આવી શકે છે. મને કોઈ કારણ નથી દેખાતું કે ભારતે અમેરિકાના દવાના ઓર્ડરને શા માટે અટકાવી રાખ્યો છે? વૈજ્ઞાનિકોએ હાઈડ્રોક્સીક્લોરોક્વિનને કોરોના સામે લડવામાં કારગર ગણાવ્યા છે.

વ્હાઈટ હાઉસમાં પ્રેસ કોન્ફરન્સમાં ટ્રમ્પે કહ્યું કે, 'હાલ તો મેં મોદીના નિર્ણય વિશે સાંભળ્યું નથી. હું જાણું છું કે તેમને અન્ય દેશોમાં દવાની નિકાસ પર પ્રતિબંધ લગાવી દીધો છે, મારી તાજેતરમાં જ તેમની સાથે ચર્ચા થઈ હતી. ભારતના અમેરિકા સાથેના સંબંધ ઘણા સારા છે. હવે જોવાનું એ છે કે તે અમને દવા મોકલવાની મંજૂરી આપે છે કે નહીં.'ટ્રમ્પ સાથે વાતચીત બાદ મોદીએ કહ્યું હતું કે, અમેરિકાના દવા મોકલવાના ઓર્ડર પર વિચાર કરીશું.ટ્રમ્પના જણાવ્યા પ્રમાણ, ભારતના દવા મોકલવાના નિર્ણયનું અમે સ્વાગત કરીએ છીએ. મને આશ્ચર્ય નહીં થાય , જો તે હાઈડ્રોક્સીક્લોરોક્વિન મોકલવાની મંજૂરી નહીં આપે. ભારત અને અમેરિકા વચ્ચે સારા વેપારી સંબંધ છે. આ સ્થિતિથી આની પર માઠી અસર થઈ શકે છે.

ઈટલી અને સ્પેન બાદ અમેરિકામાં મોતનો આંકડો ૧૦ હજાર કરતા વધી ગયો છે. સૌથી વધારે પ્રભાવિત ન્યૂયોર્ક સ્ટેટમાં પાંચ હજાર મોત થઈ હતી. જેમાં અડધા કરતા વધારે માત્ર ન્યૂયોર્ક સિટીમાં છે. સાથે જ રાજયમાં એક લાખ ૨૦ હજારથી વધારે સંક્રમિત છે અને ૧૬ હજારથી વધારે લોકો હોસ્પિટલમાં દાખલ છે. આ ઉપરાંત અમેરિકાએ એશિયાઈ દેશમાં ફસાયેલા તેમના ૨૯ હજાર નાગરિકોને ૧૩ વિશેષ વિમાનોથી દેશમાં પરત બોલાવી લીધા છે. આ નાગરિક સાઉથ એન્ડ સેન્ટ્રલ એશિયાઈ દેશ ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, નેપાળ, ઉજ્બેકિસ્તાનમાં ફસાયા હતા. આ માહિતી દક્ષિણ અને મધ્ય એશિયાઈ કેસની અમેરિકાની સીનિયર ડિપ્લોમેટ એલિસ વેલ્સે પ્રેસ વાર્તામાં આપી હતી. માત્ર ભારતમાં જ ૧૩૦૦ અમેરિકન નાગરિક હતા.

## લૉકડાઉન ખૂલ્યા પછી ચેપવાળા જિલ્લામાં ટ્રેન નહીં રોકાય, વૃદ્ધો પ્રવાસ નહીં કરી શકે

નવી દિલ્હી,તા.૭

૨૧ દિવસના લૉકડાઉનને બે અઠવાડિયાં પૂરાં થઈ ચૂક્યાં છે. કેન્દ્ર સરકારના અધિકારીઓ લૉકડાઉન ખતમ કરવાની રીત પર મંથન શરૂ પણ કરી ચૂક્યા છે. આવા જ એક પ્રસ્તાવમાં રાજ્યોને ચાર ભાગમાં વહેંચી લૉકડાઉન પૂરું કરવાનું સૂચન કરાયું છે. તેમાં કહેવાયું છે કે જે પણ હોટસ્પોટ જિલ્લા હશે એ વિસ્તારોમાં ટ્રેન નહીં રોકાય. એટલું જ નહીં ૬૫ વર્ષથી વધુ વયની કોઈ પણ વ્યક્તિ ટ્રેનમાં પ્રવાસ નહીં કરી શકે, ભલે પછી તે ચેપમુક્ત વિસ્તારની કેમ ન હોય. ટ્રેનમાં રિઝર્વેશન વિનાની ટિકિટો પણ નહીં વેચાય. જ્યારે ફેક્ટરીઓ વગેરેમાં સ્થાનિક શ્રમિકોને જ કામ કરવાની છૂટ મળશે.વડાપ્રધાન મોદીએ તમામ મંત્રીઓને કોરોના વાઈરસની આર્થિક અસર ઘટાડવા માટે યુદ્ધસ્તરે યોજનાઓ ઘડવા નિર્દેશ આપ્યો છે. તેમણે કહ્યું કે આ સંકટ મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન આપવા અને બીજા દેશો પર નિર્ભરતા ઘટાડવાની તક લાવ્યો છે. ૨૧ દિવસનું લૉકડાઉન પૂરું થયા પછી દરેક મંત્રાલય ૧૦ મહત્ત્વપૂર્ણ નિર્ણય અને પ્રાથમિકતાનાં ૧૦ ક્ષેત્ર નક્કી કરે. તમામ મંત્રાલયોને બિઝનેસમાં નિરંતરતાની યોજનાઓ પણ તૈયાર કરવા નિર્દેશ અપાયો છે. વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સોમવારે કેબિનેટ બેઠકની અધ્યક્ષતા કરતા વડાપ્રધાન મોદીએ આ સૂચન કર્યાં હતાં.

## કોરોનાના વધતા કેસોના પગલે લોકડાઉન પછીની મોદી સરકારે બનાવી રણનીતિ

નવી દિલ્હી,તા.૭

વૈશ્વિક મહામારી કોરોના વાયરસના કારણે હાલ આખું દેશ લોકડાઉન છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા જાહેર આ ૨૧ દિવસના લોકડાઉનનો અંતિમ દિવસ ૧૪ એપ્રિલ છે. પરંતુ ૧૪ એપ્રિલ પછી આ લોકડાઉન ચાલુ રહેશે કે પછી સમાપ્ત થશે તે હાલ એક મોટો સવાલ છે. લોકડાઉનના કારણે દેશને આર્થિક રીતે પણ મસમોટી અસર થઈ રહી છે. ત્યારે હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેબિનેટની બેઠકમાં કેન્દ્રીય મંત્રીઓ સાથે ૧૦ એવા ક્ષેત્રોની લિસ્ટ બનાવવા કહ્યું જેના પર લોકડાઉન બાદ ફોકસ કરવામાં આવશે. COVID-19ના કારણે ચાલી રહેલા લોકડાઉન બાદ સરકાર આ ક્ષેત્રો પર સૌથી પહેલા ધ્યાન આપશે. વીડિયો કોન્ફ્રેન્સિંગના માધ્યમથી કેન્દ્રીય મંત્રીઓ સાથે વાત કરતા પીએમ મોદીએ મંત્રાલયોને એક બિઝનેસ કન્ટિન્યૂટિ પ્લાન બનાવવા કહ્યું.આ સાથે તેમને દરેક વિભાગોને કહ્યું કે તેઓ એક ઈન્ડેક્સ પણ તૈયાર કરે કે કેવી રીતે તેમના કામથી 'મેક ઈન ઈન્ડિયા'ને પ્રોમોટ કરી શકાશે. મીડિયા રિપોર્ટ મુજબ પીએમ મોદીએ કહ્યું કે બીજા દેશો પર પોતાની નિર્ભરતાને ઓછી કરવાની જરૂર છે. સૌથી પહેલા ધીરે-ધીરે એવા ડિપાર્ટમેન્ટ્સ પર ફોક્સ કરવામાં આવશે. જે કોવિદ ૧૯ માટે હોટસ્પોટ્સ નથી. પીએમએ કહ્યું કે આ સંકટથી આપણે તક મળી છે. કે આપણે મેડિકલ સેક્ટરમાં આત્મનિર્ભર બની શકીએ.ઉપરાંત પીએમ મોદીએ મેન્યુફેક્ચરિંગ અને નિકાસ સેક્ટરને પ્રોત્સાહન મળે તે માટે યોગ્ય પગલા ભરવા મંત્રીઓને કહ્યું. આ સાથે પીએમ મોદીએ એમ પણ કહ્યું કે આ જરૂરી છે કે બધા લીડર્સ, રાજ્યો અને જિલ્લા તંત્ર સાથે સતત સંપર્કમાં રહે અને કોરોના વાયરસ હોટસ્પોટ વાળા રાજ્યો અને જિલ્લા પ્રશાસન પર વિશેષ ધ્યાન આપે.આ સિવાય પીએમ મોદીએ કહ્યું કે આ સુનિશ્ચિત કરવામાં આવે કે પબ્લિક ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમ(PDS) સેન્ટર્સ પર ભીડ જમા ન થાય અને સારી રીતે આની મોનેટરિંગ કરવામાં આવે.

### અમેરિકામાં ૨૪ કલાકમાં ૩૦ હજાર કેસ નોંધાયા

## વિશ્વભરમાં કોરોનાના ૧૩.૫૬ લાખ કેસ નોંધાયઃ ૭૫,૭૬૨ના મોત

ન્યૂયોર્ક,તા.૭

વિશ્વભરમાં કોરોનાના કુલ કેસ ૧૩.૫૬ લાખ થઈ ગયા છે. અત્યાર સુધીમાં ૭૫ હજાર ૭૬૨ લોકોએ જીવ ગુમાવ્યા છે. ૨.૯૦ લાખ લોકોને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. અમેરિકામાં ચિંતાજનક રીતે પોઝિટિવ કેસની સંખ્યા વધી રહી છે. અત્યાર સુધીમાં અહીં ત્રણ લાખ ૬૭ હજાર ૩૮૫ કેસ નોંધાય છે અને ૧૦ હજાર ૮૭૬ લોકોએ જીવ ગુમાવ્યો છે.

અમેરિકામાં ૨૪ કલાકમાં ૩૦ હજાર કેસ નોંધાયા છે અને ૧૧૫૦ લોકોના જીવ ગયા છે, ન્યૂયોર્કમાં શટડાઉન ૧૫ સુધી લંબાવાયું છે. ચીનમાં પહેલીવાર એકપણ મોત થયું નથી. કોરોનાના સંક્રમણને રોકવા માટે જાપાનના સાત વિસ્તારમાં એક મહિના માટે ઈમરજન્સી લાગુ કરાઈ છે. સ્પેનમાં એક દિવસમાં ૭૪૩ લોકોના મોત, આ સાથે અહીં કુલ કેસ ૧.૪૦ લાખ અને મૃત્યુઆંક ૧૩૭૯૮ નોંધાયા છે.ઈટાલી અને સ્પેન પછી અમેરિકામાં મોતનો આંકડો ૧૦ હજારને પાર થઈ ગયો છે. સૌથી વધારે પ્રભાવિત ન્યૂયોર્કમાં માત્ર પાંચ હજાર લોકોના મોત થયા છે. તેમાંથી અડધા તો ન્યૂયોર્ક સિટીમાં લોકો મર્યા છે.અમેરિકાએ એશિયાના દેશોમાં ફસાયેલા તેના ૨૯ હજાર નાગરિકોને ખાસ વિમાન દ્વારા પરત બોલાવી લીધા છે. માત્ર ભારતમાં ૧૩૦૦ અમેરિકન હતા.

## તંત્રી સ્થાનેથી...

### છેલ્લો તબક્કો નિર્ણાયક લડાઈ

૧૪મી એપ્રિલે લોકડાઉનનો છેલ્લો દિવસ છે. કોરોના સામેની લડાઈ હવે અંતિમ તબક્કામાં આવી ગઈ છે.આજથી લઈને આવતા મંગળવાર સુધી હવે સૌ કોઈની જવાબદારી વધી ગઈ છે. સરકાર પોતાની રીતે પગલાં લઈ રહી છે પરંતુ સૌથી વધુ અને સૌથી મોટી જવાબદાર આપણી છે. કેમ કે આવનારા દિવસોમાં કોરોના શંકાસ્પદોનાં વધુ પરિક્ષણ થશે, સરકારી તેમ જ ખાનગી હોસ્પિટલોમાં સરકારે ટેસ્ટિંગ કિટ મોકલી દીધી છે. આને કારણે કોરોનાના દર્દીઓની સંખ્યામાં મોટો વધારો થવાની શક્યતા છે. તેમ છતાં છેલ્લા કેટલાક દિવસમાં આપણે જે રીતે લોકડાઉનનું પાલન કર્યું છે તે કાબિલે તારીફ તો છે જ. ૧૩૫ કરોડની વસતી ધરાવતા અને મોટા ભાગની વસતી ખુલ્લા વિસ્તારો, ઝૂંપડપટ્ટી અને ચાલીઓમાં રહેતી હોવા છતાં આપણા દેશમાં કોરોનોને કહેર એટલો નથી ફેલાયો જેટલો તે વિદેશમાં ફેલાયો છે. હજુ સુધી આપણે કોરોનાને હંફાવવામાં સફળ થયા છીએ આથી આવનારા દિવસ જો આપણે વધુ મક્કમતાપૂર્વક લડી શકીએ તો જરૂરથી આપણો વિજય થશે. તમે કોરોનાના દર્દીઓની સંખ્યા અને વિસ્તારો પર નજર નાખશો તો ખબર પડશે કે માત્ર ઝુગ્ગી ઝુંપડપટ્ટી જ નહીં, પરંતુ પોશ ગણાતા વિસ્તારને પણ આ મહામારીએ ભરડો લીધો છે. આમ કોરોનાનો ફેલાવો લગભગ તમામ વિસ્તારોમાં થયો છે, પરંતુ જે વિસ્તારોમાં વધુ પડતી તકેદારી રાખવામાં આવી છે તેવા વિસ્તારોમાં આવા કેસની સંખ્યા ઘણી ઓછી છે. આથી હવે આપણી જવાબદારી વધી જાય છે. આપણા વિસ્તારમાં બહાર નીકળતા લોકોને આપણે સમજાવીયે, સોસાયટીમાં પણ કારણ વગર ઘરની બહાર કૂતૂહલતાપૂર્વક ફરવા નીકળતા આપણા અડોશપડોશના સભ્યોને પણ જાગૃત કરીએ, સોશિયલ ડિસ્ટંસીંગ પૂરી રીતે પાળીયે, આ લડાઈ હવે અંતિમ તબક્કામાં છે, જો આપણે વધુ સાવચેત રહીશું તો સો ટકા લોકડાઉન હટી જઈ શકે તેમ છે એવું લોકોને સમજાવીને તેમને ઘરમાં જ રહેવાની ભલામણી કરીયે, ગરીબોને અન્ન, જરૂરિયાતમંદોની સેવા જરૂરી છે પરંતુ હવેના આઠ દિવસ વધુ જરૂરી છે આપણું ઘરની અંદર જ રહેવું અને આ મહામારીને ફેલતા રોકવી, કેમ કે હવે જે રીતે કેસોની સંખ્યામાં વધારો થશે તેમ તેમ લોકોમાં પણ બેચેની વધશે તે સ્વાભાવિક છે, આવા સમયે લોકોને ધીરજ ધરવાનું જણાવીએ. આપણી બને તેટલો પોલીસ, પ્રશાસન, મેડિકલ સ્ટાફને સપોર્ટ કરીયે, સરકારી આદેશનું બરાબર પાલન થાય તેવા પ્રયાસ કરીએ તો સો ટકા આપણો વિજય નિશ્ચિત છે. જે રીતે આપણે લગભગ છેલ્લા એક પખવાડિયાથી સંયમ રાખ્યો છે તે જ રીતે અથવા તેના કરતાં પણ વધુ કડક રીતે આપણે સંયમ જાળવયી એ જરૂરી છે, કોરોનાને હરાવવાનું આપણે વચન લીધું છે અને જ્યારે પણ આપણે વચનપૂર્તીની નજીક હોઈએ ત્યારે સ્વાભાવિકપણે આપણું મન વિચલિત થઈ જતું હોય છે, કોઈ પણ વ્રત કે ઉપાવસમાં પણ જ્યારે અંતિમ દીવસો શરૂ થાય ત્યારે સૌથી કઠિન પરીક્ષા હોય છે. કોરોના સામેની લડાઈમાં આપણે મનને સ્થિર કરીને અંતિમ લડાઈ લડવાનો સમય આવી ગયો છે. મક્કમ મન સાથે આપણે સમગ્ર દેશને બચાવવાના કામમાં લાગી પડીયે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૦૮/૦૪/૨૦૨૦, બુધવાર, ચૈત્ર સુદ-૧૫
સૂર્યોદય-૬-૩૫, સૂર્યાસ્ત-૭-૦૩, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : કન્યા (પ.ઠ.ણ.), નક્ષત્રઃ ઉત્તરા ફાલ્ગુની

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -

૯-૪૨ થી ચલ-લાભ-અમૃત-૧૪-૨૩ સુધી, ૧૫-૫૬ થી શુભ-૧૭-૩૦ સુધી, ૨૦-૨૯ થી લાભ-૨૧-૫૬ સુધી, ૨૩-૨૨ થી શુભ-અમૃત-ચલ-૨૭-૪૧ સુધી

- શુભ હોરા-

૮-૪૦થી ૧૧-૪૭ સુધી, ૧૨-૪૯થી ૧૩-૫૧ સુધી, ૧૫-૫૬ થી ૧૯-૦૩ સુધી, ૨૦-૦૧ થી ૨૦-૫૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૦૮-૦૪-૨૦૨૦ બુધવાર

**મેષ(અ.લ.ઈ.):**-આકસ્મિક ધનલાભ થાય. સ્વાસ્થ્ય સારું રહે. આવકમાં વધારો થાય. વડીલોનું માર્ગદર્શન મળી રહે.

**વૃષભ(બ.વ.ઉ.):**-ધર્મ આધ્યાત્મિક ક્ષેત્રે રુચિ વધતી જણાય. યાત્રાપ્રવાસનું આયોજન થાય. આરોગ્ય સંભાળવું

**મિથુન(ક.છ.ઘ.):**-રોજગારીની નવી તકો મળે. માનસિક ચિંતા હળવી બને. આવકનું પ્રમાણ જળવાઈ રહે. આકસ્મિક ધન લાભ.

**કર્ક(ડ.હ.):**-ઇષ્ટદેવનીકળપાથી રાહત ધાર્મિક ઉપાસનાથી લાભ. વાતાવરણ સુમેળભર્યું રહે. માનસિક ચિંતા હળવી બને.

**સિંહ(મ.ટ.):**-સટ્ટાકિય બાબતોથી સંભાળવું. નાણાકીય સ્થિતિ મજબૂત બને. આવકનું પ્રમાણ જળવાઈ રહે.

**કન્યા(પ.ઠ.ણ.):**-જમીન-મકાન, વાહનનો યોગ. આરોગ્ય સુખાકારી વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી બને.

**તુલા(ર.ત.):**-નોકરિયાતવર્ગને ઉપરી અધિકારીનું માર્ગદર્શન મળે. પ્રમોશન મળે. આવકનું પ્રમાણ જળવાયેલું રહે.

**વૃશ્ચિક(ન.ય.):**-દિવસ આનંદમય પસાર થાય. કૌટુંબિક વાતાવરણ સુમેળ ભર્યું રહે. યાત્રા-પ્રવાસ શક્ય બની શકે.

**ધન(ભ.ધ.ફ.ઢ.):**-માનસિક ચિંતા હળવી બને. રાજકીય ક્ષેત્રે લાભ થશે, પરંતુ જવાબદારીમાં વધારો થઇ શકે છે

**મકર(ખ.જ.):**-કાયદાકીય પ્રશ્નો હલ થાય. માનસિક ચિંતા ઓછી થાય. નોકરીમાં ફાયદો. આવકનું પ્રમાણ જળવાઈ રહે.

**કુંભ(ગ.શ.સ.):**-વારસાગત મિલકતના પ્રશ્નો હલ થાય. આરોગ્ય સાચવવું, અભ્યાસમાં પ્રગતિ. લગ્ન ઉત્સુકો માટે ઉત્તમ સમય.

**મીન(દ.ચ.ઝ.):**-નોકરી ધંધામાં પ્રગતિ. ધંધાનું આયોજન સફળ બને. માનસિક ચિંતા હળવી બને. સમય શુભ.

### ટ્રમ્પની ધમકી બાદ મોદી સરકારે આપ્યો અમેરિકાને જવાબ

# પહેલાં દેશ બાદમાં જરૂર હશે ત્યાં કરીશું મદદઃ ભારત



નવી દિલ્હી,તા.૭

કોરોના વાયરસની મહામારીએ આખું વિશ્વ ચિંતામાં ધકેલાયેલું છે. કોરોનાએ તેનું વિકારળ સ્વરૂપ ધારણ કર્યું છે. આ મહામારીમાં ઝઝૂમી રહેલા અમેરિકાએ મહાસંકટ વચ્ચે ભારત પાસેથી મદદ માગી છે. તો સાથએ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ ધમકીભર્યા ઉચ્ચારણોનો ઉપયોગ પણ કર્યો હતો. હાઈડ્રોક્સાઈક્લોરોક્વિન દવા અંગેના વિવાદની વચ્ચે, ભારતીય વિદેશ મંત્રાલયે હવે પ્રતિક્રિયા આપી છે અને કહ્યું છે કે આ દવાઓની જરૂરિયાતો અને સ્ટોકની ભારતીય જરૂરિયાત બાદ વધારાની દવાઓનો સ્ટોક હશે તે જ સૌથી વધુ અસરગ્રસ્ત દેશોને મદદ કરવાનું નક્કી કર્યું છે.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદન બાદ વિદેશ મંત્રાલયના નવા પ્રવક્તા અનુરાગ શ્રીવાસ્તવ દ્વારા નિવેદન બહાર પાડવામાં આવ્યું છે. વિદેશ મંત્રાલયે કહ્યું છે કે, 'અમારી પ્રાથમિકતા એ છે કે દેશમાં દવાઓનો મોટો સ્ટોક આવે જેથી આપણા લોકોની જરૂરિયાતો પૂરી થઈ શકે. આને લીધે, ઘણી દવાઓ પર થોડા સમય સુધી નિકાસ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, પરંતુ સતત નવી મુશ્કેલીઓને જોતા સરકારે કેટલીક દવાઓના નિકાસ પરનો પ્રતિબંધ દૂર કર્યો છે.વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, પેરાસીટામોલ અને હાઈડ્રોક્સાઈક્લોરોક્વિનને લઈને પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે, એકવાર તેમનો ભારતમાં મોટો સ્ટોક થઈ જાય, ત્યારે તે આધારે કંપનીઓ નિર્ણય લઈ શકે છે.દુનિયાના અનેક દેશો દ્વારા કરાઈ રહેલી માંગ પર વિદેશ મંત્રાલયે કહ્યું કે આ મહાસંકટના સમયમાં અમે વિશ્વ સાથે મળીને લડવાની અપેક્ષા રાખીએ છીએ. આપણે પણ આ તરફ પ્રયાણ કર્યું છે, જેનું ઉદાહરણ એ છે કે આપણે કેટલાય દેશોમાંથી જુદા જુદા દેશોના નાગરિકોને કેવી રીતે બચાવ્યા છે.

વિદેશ મંત્રાલયે પોતાના નિવેદનમાં કહ્યું છે કે ભારતે પેરાસીટામોલ અને હાઈડ્રોક્સાઈક્લોરોક્વિનનું ધ્યાન રાખવું પડશે કારણ કે કેટલાક પડોશી દેશો સંપૂર્ણ રીતે આપણા પર નિર્ભર છે. આવા કિસ્સાઓમાં, તેમને આ દવાઓની મંજૂરી આપવામાં આવી છે. આ સિવાય કોરોના વાયરસને કારણે પરિસ્થિતિ વધુ ખરાબ હોય તેવા દેશોમાં આવશ્યક દવાઓનો પુરવઠો પૂરો પાડવામાં આવશે. આ સ્થિતિમાં, આ પરિસ્થિતિને કોઈપણ રીતે રાજકીય રંગ ના આપશો. મંગળવાર સવારે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું એક નિવેદન સામે આવ્યું છે. જેમાં તેમણે કહ્યું હતું કે જો ભારતે હાઈડ્રોક્સાઈક્લોરોક્વિન સપ્લાય કરવાનું શરૂ ન કર્યું હોત તો તેમણે આકરા પ્રત્યાઘાત આપ્યા હોત. આ પછી સ્ટેટ ડિપાર્ટમેન્ટે નિવેદન જારી કરવું પડ્યું. ગઈકાલે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે કોરોના વાયરસની સ્થિતિ અંગે વાતચીત થઈ હતી.

### ચીને એક મહિના સુધી ન માન્યું કે, કોરોના માણસથી માણસમાં ફેલાય છે

# સમયસર જાણ થાત તો ઈન્ફેક્શન ફેલાવામાં ૯૫%નો ઘટાડો થઈ શકતો....

નવી દિલ્હી,તા.૭

કોરોના વાઈરસ વિશે હવે સમગ્ર દુનિયામાં એક નવી ચર્ચા ચાલી રહી છે. અને આ ચર્ચા છે કે, આ વાઈરસ ફેલાવામાં જવાબદાર કોણ છે? ૧૦૦માંથી ૯૯ લોકો આ વાઈરસને ફેલાવવા માટે ચીનને જવાબદાર માને છે. તેની પાછળ પણ એક કારણ છે. લોકોનું માનવું છે કે, એક બાજુ ચીનમાં કોરોના ઈન્ફેક્ટેડ લોકોની સંખ્યા ઘટી રહી છે જ્યારે બીજી બાજુ ચીનની બહાર ઈન્ફેક્શન વધી રહ્યું છે. ચીનના વુહાન શહેરમાંથી જ પહેલીવાર કોરોના વાઈરસના ઈન્ફેક્શનનો પહેલો કેસ આવ્યો હતો અને હવે વુહાન શહેર ફરી પાટા પર આવી ગયું છે. ત્યાંની ફેક્ટરીઓ શરૂ થઈ રહી છે. જ્યારે દુનિયાની અડધી વસતી હજી પણ ઘરમાં કેદ રહેવા માટે મજબૂર છે.

તાજેતરમાં જ ઈઝરાયલની કંપની લાઈટે તેમના રિપોર્ટમાં જણાવ્યું છે કે- કોરોના મહામારી પછી ચીન અને ચીન કંપનીઓ માટે ટ્વિટર પર હેટ સ્પીચ ૯૦૦ ટકા સુધી વધી ગઈ છે. આ રિપોર્ટ પ્રમાણે, ટ્વિટર પર ચાઈનીઝ વાઈરસ, કોમ્યુનિસ્ટવાઈરસ અને કુંગફ્લૂ જેવા હેશટેગનો ઉપયોગ થઈ રહ્યો છે. ભાસ્કરે ઘણાં મીડિયા રિપોર્ટ્સ, રિસર્ચ અને એક્સપર્ટના આધારે અમુક તારણો એવા કાઢ્યા છે જે કોરોના ઈન્ફેક્શન ફેલાવામાં ચીનનો હાથ હોવાનો ઈશારો કરી રહ્યા છે.

**૧) કોરોના વિશે જણાવવામાં વાર કરી**

ચીનની ન્યૂઝ વેબસાઈટ સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટે સરકારી ડોક્યુમેન્ટથી ખુલાસો કર્યો હતો કે, હુબેઈ રાજ્યમાં ગયા વર્ષે ૧૭ નવેમ્બરે જ કોરોનાનો પહેલો દર્દી ટ્રેસ કરવામાં આવ્યો હતો. ડિસેમ્બર ૨૦૧૯ સુધી જ ચીનના અધિકારીઓએ કોરોના વાઈસના ૨૬૬ દર્દીઓની ઓળખ કરી લીધી હતી. જોકે મેડિકલ જર્નલ ધી લેસેન્ટના રિપોર્ટ પ્રમાણે, વુહાનની એક ઝિંયિંતાન હોસ્પિટલમાં કોરોના વાઈરસનો પહેલો કન્ફર્મ કેસ ૧ ડિસેમ્બરે રિપોર્ટ કરવામાં આવ્યો હતો. એટલું જ નહીં, કોરોના વાઈરસ વિશે સૌથી પહેલાં માહિતી આપનાર ચીની ડોક્ટર લી વેનલિંયાગને પણ ચીની સરકારે નજર અંદાજ કર્યો હતો અને તેમના પર અફવા ફેલાવવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. ત્યારપછી લીનું મોત પણ કોરોનાના કારણે થયું હતું. ચીને જાન્યુઆરીમાં કોરોના વાઈરસ વિશે દુનિયાને જણાવ્યું હતું.

**મહિના સુધી ન માન્યું- કોરોના માણસથી માણસમાં ફેલાય છે**

અમેરિકન વેબસાઈટ નેશનલ રિવ્યુ પ્રમાણે, વુહાનની બે હોસ્પિટલોના ડોક્ટરમાં વાયરલ નિમોનિયાના લક્ષણ મળ્યા હતા. ત્યારપછી ૨૫ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ ત્યાના ડોક્ટરે પોતાની જાતને ક્વોરન્ટીન કરી લીધા હતા. પરંતુ ચીને આ વાઈરસ માણસથી માણસમાં ફેલાય છે તે વાત નકારી દીધી હતી. ૧૫ જાન્યુઆરીએ જાપાનમાં કોરોનાનો પહેલો દર્દી મળ્યો હતો. ત્યાંના સ્વાસ્થય મંત્રાલયે કહ્યું કે, દર્દી ક્યારેય વુહાનના સીફૂડ માર્કેટમાં નહતો ગયો, પરંતુ શક્ય છે કે તે કોઈ કોરોના ઈન્ફેક્ટેડ વ્યક્તિના સંપર્કમાં આવ્યો હોય. ત્યારપછી પણ ચીને હ્યૂમન-ટૂ-હ્યૂમન ટ્રાન્સમિશનની વાત નહતી માની. અંતે ૨૦ જાન્યુઆરીએ ચીને માન્યું કે, કોરોના વાઈરસ માણસથી માણસમાં ફેલાય છે.

# કેન્દ્રએ ૧૨ જરૂરી દવાઓ અને ૧૨ એકટીવ ફાર્મા ઈનગ્રેડિયન્ટની નિકાસ પરનો પ્રતિબંધ હટાવ્યો

નવી દિલ્હી,તા.૭

કેન્દ્ર સરકારે ૧૨ જરૂરી દવાઓ અને ૧૨ એકટીવ ફાર્માસ્યુટીકલ ઈનગ્રેડિયેન્ટ (એપીઆઈ)ની નિકાસ પરનો પ્રતિબંધ હટાવ્યો છે. પેરાસીટામોલ ઉપરનો પ્રતિબંધ ચાલુ રાખવો કે કેમ તેનો નિર્ણય લેવાઈ રહ્યો હોવાનું જાણવા મળે છે.. જો કે અમેરિકી રાષ્ટ્રપતિએ વડપ્રધાન મોદીને ફોન કરી કોરોનાના ઈલાજમાં ઉપયોગી મેલેરીયાની જે દવા કલોરોકવીનની નિકાસનો અનુરોધ કર્યો છે તેના ઉપર કોઈ નિર્ણય લેવાયો નથી. જે દવાઓની નિકાસ પરનો પ્રતિબંધ હટાવાયો છે તેમા ટીનીડાજોલ, મેટ્રાનીડાજોલ, એસીકલોવીર, વિટામીન બી૧, વિટામીન બી૬, વિટામીન બી૧૨, કલોરમફેનીકોલ સામેલ છે.સરકારે બહાર પાડેલા એક ફાર્મા પરીપત્ર મુજબ સરકારે વિટામીન બી૧ અને બી૧૨ સહિત ૨૪ ફાર્મા સામગ્રીઓ અને દવાઓ ઉપર નિકાસના પ્રતિબંધોમાં છૂટછાટ આપી છે. સરકારના પરિપત્ર મુજબ પેરાસીટામોલ અને પેરાસીટામોલથી બનેલી અન્ય દવાઓની નિકાસ પર પ્રતિબંધ પહેલાની જેમ ચાલુ રહેશે. વિદેશ વ્યાપાર મંત્રાલયે ૩જી માર્ચે ૨૬ દવા સામગ્રીઓ અને તેની આનુશંગીક દવાઓના નિકાસ પર પ્રતિબંધ મુકયો હતો. આ દવાઓના ઉત્પાદન મોટા ભાગે ચીનથી આવતા કાચા માલ પર નિર્ભર હતો. કાચો માલ આવતો બંધ થયો તો તેની નિકાસ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો કે જેથી અછત ન ક થાય. હવે એવુ લાગે છે કે ચીનથી કાચો માલ આવવો શરૂ થઈ રહ્યો છે.

### કોરોના મહામારીને હરાવવા માટે કેજરીવાલ સરકારનો નવો પ્ પ્લાન

# દિલ્હીમાં કોરોનાની ચકાસણી માટે એક લાખ લોકોનો રેપિડ ટેસ્ટ કરશે

નવી દિલ્હી,તા.૭

કોરોના મહામારીને હરાવવા માટે દિલ્હીની અરવિંદ કેજરીવાલ સરકારે 5T (ફાઈવ ટી)પ્લાન બનાવ્યો છે. મુખ્યમંત્રી કેજરીવાલે કહ્યું કે પ્માંથી પ્રથમ T છે ટેસ્ટિંગ. અમે મોટા પ્રમાણમાં ટેસ્ટિંગ કરવાનો નિર્ણય કર્યો છે. શુક્રવારથી રેપિડ ટેસ્ટિંગ અભિયાનની શરૂઆત થશે. અમે એક લાખ ટેસ્ટ કીટ મંગાવી છે, જે શુક્રવાર સુધીમાં મળી જશે.

મુખ્યમંત્રી કેજરીવાલે કહ્યું કે જો તમે ટેસ્ટ કરતા નથી તો તમને ખ્યાલ નથી આવતો કે કયા ઘરમાં સંક્રમણ છે અને પછી તે ફેલાય છે. દક્ષિણ કોરિયાની જેમ અમે બહુ મોટું ટેસ્ટિંગ કરવા જઈ રહ્યા છીએ. પહેલા ટેસ્ટિંગ કીટની સમસ્યા હતી. હવે તેમાં સુધારો થયો છે. અમે ૫૦ હજાર લોકોના ટેસ્ટ માટે કીટનો ઓર્ડર કર્યો છે. એક લાખ લોકોના રેપિડ ટેસ્ટ કરવા માટે ઓર્ડર આપ્યો છે. શુક્રવારે રેપિડ ટેસ્ટ કીટ આવશે. કોરોનાના હોટસ્પોટ વિસ્તારમાં રેપિડ ટેસ્ટ કરાશે

કેજરીવાલે કહ્યું કે અમે કોરોના પોઝિટિવ દર્દીઓના સંપર્કમાં આવનાર લોકોને ટ્રેસ કરી રહ્યા છીએ. તમામ લોકોને સેલ્ફ ક્વોરન્ટિમાં મોકલવામાં આવી રહ્યા છે. ટ્રેસિંગમાં અમે પોલીસની મદદ લઈ રહ્યા છીએ. પોલીસની મદદથી અમે એવા લોકોને ટ્રેસ કરીશું, જેઓ હોમ ક્વોરન્ટિન છે.પોલીસને અમે ૨૭૨૦૨ લોકોના ફોન નંબર આપ્યા છે. તેઓના જીપીએસ લોકેશનને ચેક કરવામાં આવી રહ્યા છે. સાથે મરકજમાંથી નિકળનાર બે હજાર લોકોના ફોન નંબરને પણ પોલીસને અપાશે. તેમના લોકેશનના આધારે વિસ્તારોને સીલ કરાશે.

કેજરીવાલે કહ્યું કે અત્યાસ સુધીમાં દિલ્હીમાં કોરોનાના ૫૨૫ કેસ નોંધાયા છે. અમે દિલ્હીમાં ત્રણ હજાર બેડની ક્ષમતા તૈયાર કરી છે. એલએનપીજી, જીબી પંત, રાજીવ ગાંધી સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલને કોરોના હોસ્પિટલ જાહેર કરી દીધી છે. આ ઉપરાંત ૪૦૦ બેડ પ્રાઈવેટ હોસ્પિટલમાં અલગ રખાયા છે. સિરિયસ દર્દીઓ માટે ૮ હજાર બેડની વ્યવસ્થા થઈ રહી છે. ૫૦ વર્ષથી નીચેની ઉંમરના અને સામાન્ય લક્ષણોવાળા દર્દીઓને મેડીકલ ટીમ સાથે હોટલમાં રખાશે.

### મહારાષ્ટ્રનું સિહાસન હલબલ્યું

# માતોશ્રીની સામેથી મળ્યો કોરોના પોઝીટીવ, સ્ટાફનો થશે કોરોના ટેસ્ટ



મુંબઈ,તા.૭

કોરોનાનું સંક્રમણ ભારતમાં ધીમે ધીમે વધી રહ્યું છે. આ કોરોના વાયરસથી મહારાષ્ટ્રની ગાદી પર બેઠેલા ઠાકરે પરિવારને પણ હચમચાવી દીધો છે. હકીકતમાં, બાંદરાના કલાનગર વિસ્તારમાં માતોશ્રી નજીક ચા વેચતી એક મહિલા કોરોના પોઝિટિવ હોવાનું જાણવા મળ્યું છે. દુકાનનો સ્ટાફ ઉદ્ધવ ઠાકરેના બંગલે માતોશ્રીમાં આવન જાવન હતી. હવે માતોશ્રીમાં રહેલા બધા સ્ટાફનો કોરોના ટેસ્ટ થશે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે અને તેમના પરિવારના સભ્યો માટે કામ કરતાં ૧૫૦ થી વધુ કર્મચારીઓનું કોરોના પરીક્ષણ કરવામાં આવશે. તમામ લોકોના નમૂના લેવામાં આવ્યા છે. તે જ સમયે, માતોશ્રી નજીકના આખા વિસ્તારમાં સેનિટાઈઝેશન કરવામાં આવ્યું છે. સાથે જ આ વિસ્તારને કંટેન્ટમેન્ટ એરિયા જાહેર કરવામાં આવ્યો છે. તેમજ આ મહિલાના સંપર્કમાં આવેલા લોકોની પણ શોધખોળ કરવામાં આવી રહી છે.

હકીકતમાં, માતોશ્રીની સામે ચા વેચતી એક મહિલા કોરોના પોઝિટિવ મળી આવી છે. બાંદ્રાના કલાનગર વિસ્તારમાં આ મહિલાની દુકાન પર મુખ્યમંત્રીને મળવા આવનારા લોકો ઉપરાંત અન્ય મુંબઈયા લોકો પણ આવ જાવ કરે છે. આ સિવાય માતોશ્રીની સુરક્ષામાં રહેલા મુંબઈ પોલિસ જવાનો પણ ત્યાં ચા પીવા આવ જા કરતા હતા. આ કિસ્સામાં, ચિંતા એ છે કે કોરોના વાયરસ ચાની દુકાન દ્વારા અન્ય કોઈ લોકો સુધી પહોંચ્યો નથી.

માતોશ્રી નજીક કોરોના વાયરસ મળવાના સમાચાર આખા મુંબઈમાં જંગલમાં પ્રસરેલી આગની જેમ ફેલાઈ ગયા છે. મ્સ્ઝ નો સ્ટાફ ઘટના સ્થળ પર પહોંચ્યો હતો અને સમગ્ર વિસ્તારમાં ફોગીંગ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ, આ ક્ષેત્રમાં અત્યાધુનિક મશીનો દ્વારા સ્વચ્છતા કરવામાં આવી હતી. પોલિસે હવે આ વિસ્તારને સીલ કરી દીધો છે. અને લોકોની આવનજાવન કેટલાક દિવસો માટે રોકી દેવામાં આવી છે. કારણ કે બધાને ખબર છે કે કોરોના મોટું સંકટ છે. અને હાલમાં માતોશ્રી ની એક્ઝેટ સામેજ ઊભું રહ્યું છે.

# હવે તમામ પડોશી રાષ્ટ્રોને પેરાસીટામોલ અને હાઈડ્રોકસીકલોરોકવીન આપશે

નવી દિલ્હી,તા.૭

ભારતીય વિદેશ મંત્રાલયે જાહેર કર્યું છે કે કોરોનાની મહામારીને ધ્યાનમાં લઈને અને માનવતાને ધ્યાને લઈને ભારતે તેના તમામ પડોશી દેશો કે જે તેમની દવાની જરૂરીયાત માટે ભારત ઉપર આધાર રાખે છે, તેમને પુરતી માત્રામાં પેરાસીટામોલ અને હાઈડ્રોકસીકલોરોકવીન દવાઓ પુરી પાડવાની જાહેરાત કરી છે.

આ પૂર્વે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતને સીધી ધમકી આપતા ક્હ્યું હતું કે જો ભારત તેમને કોરોના મહામારી સામે લડવા હાઈડ્રોકસીકલોરોકવીન દવા નહિ આપે તો અમેરીકા વળતા પગલા લેશે.

# ન્યુયોર્કમાં ૧.૨૩ લાખ લોકોને કોરોના સ્પર્શી જતાં ટ્રમ્પે સેના ઉતારી

વોશિંગ્ટન,તા.૭

કોરોના વાયરસની મહામારીની લડાઈ આખું વિશ્વ લડી રહ્યું છે. જેમાં મહાસત્તા અમેરિકાને કોરોનાએ ઘૂંટણિયે પાડી દીધું છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બહુ મોટો નિર્ણય લેતાં કહ્યું કે ન્યુયોર્ક શહેરમાં કોરોનાથી લડવા માટે ૧૦૦૦ સૈન્ય કર્મચારીઓ તૈનાત કરાયા છે. સાથે ટ્રમ્પે જણાવ્યું હતું કે આગામી એક અઠવાડિયું બહુ જ કઠિન રહેશે. રાષ્ટ્રપતિએ એક પ્રેસ કોન્ફ્રન્સમાં કહ્યું કે આ સપ્તાહ અને આગળના અઠવાડિયા સૌથી કઠણ સમયકાળ હશે.

ટ્રમ્પે શનિવારે કહ્યું હતું કે આગલા ત્રણ દિવસમાં ૧૦૦૦ વાયુ સેના અને નૌસેનાના ડોક્ટરો ને તૈયાર કર્યા છે. જેવિટ્સ સેન્ટરમાં લગભગ ૩૦૦ કર્મચારીઓ કામ કરશે. જેમાં એક હોસ્પિટલને બીજી હોસ્પિટલમાં બદલી નાંખી છે. અન્ય સ્વાસ્થ્ય કર્મીઓને ન્યુયોર્કની જુદી જુદી હોસ્પિટલોમાં તૈયાર રાખી દીધા છે. જ્યાં સ્વાસ્થ્ય કર્મચારીઓની ઘટ છે. આ પહેલા રાષ્ટ્રપતિએ કેલિફોર્નિયા, ન્યુયોર્ક અને વોશિંગ્ટન રાજયમાં નેશનલ ગાર્ડને પણ તૈયાર રાખી છે.

ટ્રમ્પે કહ્યું કે મહામારી જોતાં સ્વાસ્થ્ય કર્મીઓને રાજયોમાં મોકલવામાં આવશે. કારણ કે કોરોના સંક્રમણ સતત વધી રહ્યું છે. આપણે એક રીતનું યુદ્ધ જ લડીરહ્યા છીએ આવી લડાઈ આપણે ક્યારેય લડ્યા નથી. જેનો પહેલા કોઈ અનુભવ પણ નથી. ન્યુયોર્કમાં સૌથી વધુ અસર થઈ છે. અત્યાર સુધી ન્યુયોર્કમાં ૧.૨૩ લાખ લોકો કોરોના સંક્રમિત થયા છે જેમાંથી ૪૧૫૯ લોકોના મોત થયા છે.

# હવે, બ્રિટનના વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સન પણ કોરોના વાયરસ ની ઝપાટા માં !

લંડના ન્યૂઝ: મંગળવાર, 7 એપ્રિલ 2020 બુદ્ધદેવ પંડ્યા MBE

**બ્રિટનના વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સન ને કોરોના વાયરસે (COVID-19)ઝાપટ માં લઇ લીધ છે. બે દિવસ પેહલા તેમની તબિયત વધારે કથળવા લગતા તુરત તેમને લંડનની સેન્ટ થોમસ હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યા હતા. સોમવારે, તેમની સ્થિતિ વધારે બગાડવા લાગી અને ઇન્ટેન્સીવે કેર યુનિટમાં (ICU) લઇ જવામાં આવ્યા હતા.**



ત્યારે તેમનું એમ કેહવું હતું કે તેમનો તાવ ઉતરતો ન હતો. તાવ અને ગાળામાં સૂકી ઉધરસ, સાથે સાથે બીજી અસરો આ કોરોના ચેપી રોગની નિશાની હોઈ છે.

શ્રી જોન્સન 24મુ જુલાઈ 2019 માં ચૂંટાઈને વાડાપ્રધાન બન્યા હતા. છેલ્લા અઠવાડીઆથી તે ઓ 'સેલ્ફ આઇસોલેશન' માં નંબાર 10 ડાવનીગ સ્ટ્રેઇટમાં હતા. બે દિવસ પેહલા તેમની તબિયત વધારે કથળવા લગતા તુરત તેમને લંડનની સેન્ટ થોમસ (St Thomas' Hospital, London) દાખલ કરવામાં આવ્યા હતા. ત્યારે તેમનું એમ કેહવું હતું કે તેમનો તાવ ઉતરતો ન હતો. તાવ અને ગાળામાં સૂકી ઉધરસ, સાથે સાથે બીજી અસરો આ કોરોના ચેપી રોગની નિશાની હોઈ છે.

સોમવારે, તેમની સ્થિતિ વધારે બગાડવા લાગી અને ઇન્ટેન્સીવે કેર યુનિટમાં (ICU) લઇ જવામાં આવ્યા હતા. આવા યુનિટમાં દર્દીઓ ને શ્વાસ લેવામાં માંડ મળે તેવા સાધનો હોઈ છે. ઉપરથી ડોકટરો તેમના લોહી, પ્રાણવાયુ- ઓક્સિજન, કિડની અને બીજી બધી જીવવાની જરીરુયાત ની ક્રિયા નું ખુબજ ધ્યાનથી દેખરેખ-નિયંત્રણ રાખતા હોઈ છે. હજુ સુધી આ ચેપી રોગની કોઈ મારણ શોધાયું નથી. અમુક દાવવો કામ લાગે છે. દરેક દેશમાં લોકો અને સરકારો જાત-જાતના દવાઓ કરતા હોઈ છે. આ ચેપનું મારણ અને દર્દીને કેવીરીતે સાચવવો તેમાટે બધાજ દેશોના ડોકટરો અને વિજ્ઞાનીઓ એક બીજા જોડે સંપર્ક: માં રહ્યા છે. ચાઈના ના અનુભવ ને પણ બીજા દેશોના અનુભવો સાથે સરખાવવામાં આવી રહ્યો છે. મોટા કારખાના ઓ પણ દવા અને જરૂરી સાધનો બનાવવામાં પોતાની આખી ફેક્ટરીઓ બદલી નાખી છે.

શ્રી જોન્સન અને તેની કેબિનેટે ફક્ત 7 દિવસોમાંજ 4000 ખટલાવાળી હોસ્પિટલ - Excel Exhibition Centre in London's Docklands. ઉભી કરી દીધી હતી. અને આટલી મોટી હોસ્પિટલો બીજા મોટા શહેરોમાં પણ શરુ થી ગઈ છે. મોટા સુપર સ્ટોરો ના કારપાર્કમાં ટેસ્ટિંગ સેન્ટરે ઉભા કરી દીધા છે. બોરિસજી એ યુ.કે ના પંજાબી કુટુંબમાં જન્મેલા, શ્રી ઋષિ સુનક ને ચાન્સેલર (નાણાપ્રધાન) તરીકે નીમ્યા હતા અને મોટી સહાયતા માટેના પૈસા અને વ્યવસ્થ ભાર પડી હતી. સરકારી હોસ્પીટલોના કરોડોના દેવાં માફ કરી અને મદદ માટે પૈસાની પોટલી ખોલી નાખી હતી.

મંગળવારના સમાચાર મુજબ ત્યાંની કુલ વસ્તી 67,809,080 ના પ્રમાંણમાં લગભગ 5,373 લોકો મોતના ભોગ બન્યા છે.

અને આખો દેશ એક પ્રકારના 'લોક-ડાઉન' સ્થિતિમાં છે. અહીં પોલીસ ફરતી રહે છે અને જો લોકો તોલા વળી ઉભા રહે તો તેમને છુટા પાડી તેમને ઘરે મોકલી દે છે. ના પામે તો પકડી કોર્ટમાં લઇ જાય છે.

અતિયારે, શનિવારથી શ્રી ડોમિનિનીક રાબ, જે યુ.કે ના વિદેશ મંત્રી છે તેમને શ્રી બોરીસ ના વાટી સુકાન સાંભળ્યું છે. શ્રી જોન્સન

હજુ પણ વાડાપ્રધાનની પાડવી પાર રહેશે. હોસ્પિટલ જતા પેહલા તેમનો એક સેક્રિ માં સંદેશો હતો કે - ' સેલ્ફ-ઇસોલેશન માં રહી સલામત રહો'. ઠેરથી તેમની સ્વાસ્થ્ય માટે ની શુભકામનાઓના સંદેશા આવતા જાય છે.■

# લોકડાઉનના ૨૧ દિવસ પછી ધીરે–ધીરે ખુલશે ઓફિસોના તાળા

નવી દિલ્હી,તા.૭

મોદી સરકાર દ્વારા ૨૧ દિવસ માટે દેશભરમાં કોરોના વાયરસને ફેલાતો અટકાવવા માટે લોકડાઉનનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની અંતિમ તારીખ ૧૪ એપ્રિલ છે. તમામ મંત્રીઓને પણ કહેવામાં આવ્યું છે કે તેઓ આગામી ૮ દિવસમાં એ પ્રોજેકટસની ઓળખ કરાવવા માટે કહેવામાં આવ્યું છે જેની શઆત કરવામાં આવી શકે. સરકારે આ માટે તમામ પ્રકારનું પેપરવર્ક પૂ કયુ હોવાનું કહેવામાં આવી રહ્યું છે. આ સિવાય રોસ્ટર પણ તૈયાર કરવા માટે કહેવાયું છે, જે રીતે લોકો શિટમાં કામ કરાશે. સાથે જ એ સુનિશ્ચિત કરવા માટે કહેવાયું છે કે ઓડિયો–વીડિયો ટેકનોલોજીનો પણ ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવી છે. એક વરિ. અધિકારીએ જણાવ્યું કે, ૨૧ દિવસના લોકડાઉનથી બહાર આવવું કઠીન છે, જેટલું તેને લાગુ કરવું કઠીન હતું. આગળ તેમણે કહ્યું કે આમ છતાં સરકારના કામકાજને હવે શ કરવું જ પડશે.

જણાવી દઈએ કે એક કમિટીએ એ તમામ વિકલ્પો પર વાત કરી છે, જેમાં ૨૧ દિવસનું લોકડાઉન પૂ થયા બાદ કામકાજ શ કરવામાં આવી શકે. સરકારે ખાસ કરીને રોડ અને એયુકેશન સેકટરમાં થનારા નિર્માણનું કામ શ કરવાની તૈયારીમાં છે. યારે એગ્રિકલ્ચરને પહેલાથી જ લોકડાઉન દરમિયાન મુકિત આપવામાં આવી છે. લોકડાઉન લાગુ થયાના થોડા સમય પહેલા કેન્દ્ર સરકારે લેન્ડ યુઝમાં બદલાવનું નોટિફિકેશન આપ્યું હતું. હાલના સમયમાં મોદી સરકારના નિર્માણ કાર્ય કરનારી સૌથી મહત્વની ટેન્ડર પર કામ કરી રહી છે, જે માર્ચમાં જારી કરવાના હતા. માનવામાં આવી રહ્યું છે કે લોકડાઉન પૂર્ણ થતાં જ તેમનું કામ શ થઈ જશે.

એક અધિકારીએ કહ્યું કે, આઈડિયા માત્ર એવો છે કે કોઈ રીતે ઈકોનોમીને સ્ટાર્ટ કરી શકાય. એવામાં એ પ્રોજેકટસ દ્વારા એ વિસ્તારોમાં કામ કરી શકાય એમ છે, યાં હજુ કોરોના વાયટરસનું સંક્રમણ નથી. જેનાથી રોજગાર શ થશે અને ગરીબના હાથમાં પૈસા આવશે. એક બીજુ પગલું એ છે કે આદિવાસી બાબતોના મંત્રાલયો એ જિલ્લામાં સ્કૂલ બનાવાના છે, યાં આદિવાસી વસ્તી વધુ છે.

આશા વ્યકત કરાઈ રહી છે કે લોકડાઉન પૂર્ણ થયા બાદ તરત આ વિસ્તારમાં કામ કરવામાં આવશે. આ રીતે સરકાર તરફથી તમામ મંત્રાલયોએ કહ્યું કે તેઓ લોકડાઉન બાદ કામ શ કરવાના વિકલ્પો પર નજર કરશે.

# શેરબજારમાં તેજી: સેન્સેક્સ ૨,૫૨૭ અંક ઉછળ્યો, નિફ્ટી ૮,૮૦૦ નજીક સેટલ

*મુંબઈ,તા.૭*

કોરોનાની દહેશત વચ્ચે ભારતીય શેર માર્કેટમાં આજે શાનદાર તેજી જોવી મળી છે. મંગળવારે સેન્સેક્સમાં ૨,૫૦૦થી વધુનો ઉછાળો જોવા મળ્યો. બીએસઈ બેંચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ ૨,૪૭૬ પોઈન્ટ અથવા ૮.૯૭ ટકા કૂદીને ૩૦,૦૬૭ નજીક જયારે નિફ્ટી ૫૦ આંક પણ અંતિમ સેશનમાં ૭૦૮ અંક અથવા ૮.૭૬ ટકા ઉછળીને ૮,૭૯૨ નજીક સેટલ થયા છે. જ્યારે આ પહેલા ટ્રેડિંગ દરમિયાન સેન્સેક્સ ૨,૫૨૭ પોઈન્ટ ઉંચકાયો હતો.

બેંક નિફ્ટની વાત કરીએ તો ઈન્ડેક્સ આજે અંતિમ સેશનમાં ૧,૮૧૩ પોઈન્ટના વધારા સાથે ૧૯,૦૦૦ને પાર ૧૯,૦૬૨ નજીક બંધ આવ્યો છે. બીએસઈ પર મીડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ પણ આજે અનુક્રમે ૫.૪૦ ટકા અને ૪.૧૩ ટકા ઉછળીને સેટલ થયા છે. આપણે જણાવી દઈએ કે આ પહેલા ૧૮ મે, ૨૦૦૯ના રોજ માર્કેટમાં ૨,૧૧૦ પોઈન્ટનો ઉછાળો નોંધાયો હતો. ત્યારે અંતિમ સેશનમાં સેન્સેક્સ ૧,૯૨૧ પોઈન્ટ વધીને ૩૮,૦૧૪ નજીક જ્યારે નિફ્ટી ૧૧,૨૦૦ નજીક બંધ આવ્યા હતા.

કોરોના વાયરસ પર અંકુશ મેળવવાની અપેક્ષામાં એશિયાઈ અને યુરોપીયન શેર માર્કેટમાં સોમવારે રોનક જોવા મળી. જેના કારણે ભારતીય શેર માર્કેટમાં પણ જબરદસ્ત તેજીનો પવન ફૂંકાયો. ઉપરાંત તેલ ઉત્પાદક દેશોની બેઠકમાં મોડું થતા કાચા તેલના ભાવમાં ઘટાડો થતા માર્કેટને સપોર્ટ મળ્યો. ૩ રજાઓ બાદ મંગળવારે શેર માર્કેટ મંગળ રહ્યું.



**સમગ્ર દેશ આજે કોરોના ના ભય થી સરકારી આદેશ દ્વારા પોતાના ધરોમાં જ કેદ થઈ આ મહામારી નો સામનો કરી રહ્યો છે ત્યારે પાટનગર ના વિસ્તારમાં આવેલા સંગઠનો અને સંચાલકો દ્વારા નગરમાં વસતા શ્રમજીવી પરિવારો ને છેલ્લા ઘણા દિવસથી જરૂરિયાતમંદ પરીવારો ને સવાર સાંજ નુ ભોજન તૈયાર કરી નિઃશુલ્ક પુરું પાડે છે આ માનવસેવા ને વધુ વેગ મળે અને આયોજકો ને યોગ્ય જરૂરી મદદ થાય એ હેતુથી મીનાક્ષી પરીવાર આ મહાન યજ્ઞ માં મદદરૂપ થવા આગળ આવીને મીનાક્ષી મેમોરિયલ ટ્રસ્ટ ના ચેરમેન શ્રી તથા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ના મહામંત્રી શ્રી નિશિત વ્યાસ દ્વારા ગુરૂદ્વારા સેકટર - ૩૦ ખાતે, પંચદેવ યુવક મંડળ સે-૨૨, પૂર્વ જીલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલ સેક્ટર - ૨૭ ખાતે તેમજ મેરૂસિંહ ચાવડા તથા તેમની ટીમ સેકટર - ૨૪,ડબલ ડેકર ખાતે તેમજ જય જલારામ સેવા કેન્દ્ર વાવોલ ખાતે આશરે ૫ થી ૬ ટન શાકભાજી, ખીચડી માટે ચોખા તેમજ દાળ જેવા કરીયાણા નુ રૂબરૂ મુલાકાત લઈ મોટા જથ્થામાં વિતરણ કરવામાં આવ્યુ સમગ્ર વિતરણ સેવામાં સહયોગી ગાંધીનગર મહાનગરપાલિકા ના વિપક્ષ નેતા શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલા તેમજ સહકારી આગેવાન તથા જિલ્લા કોંગ્રેસ ના મહામંત્રી શ્રી યુવરાજસિંહ રાણા, શહેર કોંગ્રેસ ના ઉપ પ્રમુખ શ્રી ઉપૅલ જોષી શહેર મહામંત્રી શ્રી રાકેશ જાની તથા સમર્પણ મુકબધિર શાળા ના સંચાલક શ્રી વૈભવ જાની સાથે રહ્યા હતા**

# ઓછું જોખમ ધરાવતા રાજ્યો - જિલ્લાઓમાં પ્રતિબંધો અંશતઃ ધોરણે ઉઠાવવાની વિચારણા




નવી દિલ્હી,તા.૭

સરકાર તબક્કાવાર ધોરણે લોકડાઉન દૂર કરવા વિચારી શકે છે અને તે ઓછું જોખમ ધરાવતાં રાજયોમાં અને જિલ્લામાં પ્રતિબંધો અંશતઃ ધોરણે ઉઠાવવાના આયોજનનો અભ્યાસ કરી રહી છે. આ ઉપરાંત કેસોની મહત્તમ સંખ્યા ધરાવતા વિસ્તારોમાં મહત્તમ અંકુશ લાદવા પણ વિચારી રહી છે.

નીતિ આયોગના સભ્ય અને ગ્રૂપના ચેરમેન વિનોદ પૌલની આગેવાની હેઠળના જૂથે સુપરત કરેલા મેડિકલ ઈમરજન્સી મેનેજમેન્ટ પ્લાનના ડ્રાફટ મુજબ ઊંચું જોખમ ધરાવતાં રાજયો અને જિલ્લામાં લોકડાઉન વધુ ૨૮ દિવસ લંબાવાઈ શકે છે. આ જૂથની રચના ગૃહમંત્રાલય દ્વારા કરવામાં આવી છે. આ દસ્તાવેજમાં સૂચન કરવામાં આવ્યું છે કે રાજયોને કેસોની ગંભીરતાના આધારે ચાર વિવિધ કેટેગરીઓમાં વહેંચવાનો પ્રસ્તાવ છે. તેમાં સૌથી ખરાબ અસર પામેલાં રાજયોને ચોથા તબક્કામાં રાખવામાં આવશે. આ પ્રકારના વિભાગીકરણનો આધાર છેલ્લા સાત દિવસમાં સક્રિય કેસોની સંખ્યા, સક્રિય કેસોનો ફેલાવો અને કેસોની ઘનતા છે. ૫૦થી વધુ સક્રિય કેસો ધરાવતા રાજયને કેટેગરી ચારમાં રાખવામાં આવશે. પાંચ કે તેથી વધુ સક્રિય કેસો અને છેલ્લા 'સાત દિવસમાં કોઈ પણ નવો કેસ ન નોંધાવનાર રાજયને કેટેગરી વનમાં રાખવામાં આવશે,' એમ દસ્તાવેજનું કહેવું છે.

વિનોદ પૌલે જણાવ્યું હતું કે સરકાર વિવિધ અભ્યાસો અને ભલામણો પર અભ્યાસ કરી રહી છે, પરંતુ તેણે એપ્રિલ ૧૪ પછીની સ્થિતિ માટે કોઈ નિર્ણય લીધો નથી. તેમણે જણાવ્યું હતું કે અમે વિવિધ વિકલ્પો પર મીટ માંડી રહ્યા છીએ અને લોકડાઉન જારી રાખવાનો કે ન જારી રાખવાનો નિર્ણય વિવિધ પરિબળોના આધીન રહીને તર્કબદ્ધ ધોરણે લેવાશે. હાલમાં આ પરિબળોની સમીક્ષા કરવામાં આવી રહી છે, એમ તેમણે જણાવ્યુ હતું.નીતિ આયોગના સીઈઓ અમિતાભ કાંતે સોમવારે કેબિનેટ સેક્રેટરિયેટ, આરોગ્ય મંત્રાલય, બાયોટેકનોલોજી વિભાગ, પર્યાવરણ મંત્રાલય, એનડીએમએ, પીએમઓના અધિકારીઓ સાથે બેઠક કરી હતી. ભારતમાં કોરોના વાઈરસ વૃદ્ધિ પામવામાં સફળ થાય તો શું થઈ શકે તેનો અભ્યાસ કરી રહ્યું છે અને તેના આધારે કેટલાક વિસ્તારોમાં લોકડાઉન લંબાવાશે કે નહીં તેના અંગે નિર્ણય લેવાશે.

# દેશમાં ભામાશાઓ ઘણા છે...પરંતુ નિઃસ્વાર્થ સહાય કરવાવાળા કેટલા.....?

(જીએનએસ: હર્ષદ કામદાર)

વિશ્વભરના ૧૯૧ દેશના લોકોને પોતાના ઘરમાં જ બંધ કરી દેનાર ચીન અત્યારે વિશ્વના દેશોમાં માસ્ક,વેન્ટીલેટર સહિતનો મેડિકલ માલ-સામાન નિકાસ કરવામા ગળાડૂબ થઇ ગયુ છે? ત્યાં વિકએન્ડની રજાઓમાં લોકો પીકનીક કરવા ચીનમાં આવેલા વિવિધ સ્થળો પર ઉમટવા લાગ્યા છે. ચીનની ખંધાઈ ન ઓળખનાર દેશો પૈકી પાકિસ્તાન સહિતના ૫૦ આદેશોને હલકા મટીરીયલમાંથી બનાવેલ માલ ફટકારી દીધો છે.....! જેની સામે ફરિયાદો ઉઠતા અન્ય દેશો સાવધાન થઈ ગયા છે. બીજી તરફ ચીનના હેલ્થ ખાતાએ ચીનમાં કોરોનાએ ફરી માથું ઉંચક્યું હોવા સાથે ૯૫૦ ઉપરાંત કેસ નોંધાયા હોવાનું જાહેર કર્યું છે. જેથી ચીનને પણ લોકડાઉન કરવાની નોબત આવી શકે તેમ છે.....!છતા આ તો ચીન છે..... ચીનથી ઉદભવેલા કોરોના વાયરસે વિશ્વના ૭૧૦૦૦ ઉપરાંત લોકોને મોતના મુખમાં જગ્યા છે, તો કોરોનાગ્રસ્તોનો આક ૧૩ લાખ પર પહોંચવાની તૈયારીમાં છે... વિશ્વની એક પણ મહાસત્તા કોરોનાની રસી શોધી શકી નથી.... ત્યારે કોરોના રોગથી મુક્ત થવા હાઈડ્રોક્સિક્લોરોક્વિન અસરકારક સાબિત થઇ રહી છે.અમેરિકા ભારતથી ખરીદવા ચાહે છે. વિશ્વના દેશોએ સૌથી મોટી ભૂલ કરી છે કે ૮ ડિસેમ્બરે કોરોનાનો પ્રથમ કેસ નોંધાયો હતો તે અંગે કોઈએ નોંધ ન દીધી કે નગણ્ય ગણી કાઢ્યો.....! તજજ્ઞોના કહેવા અનુસાર ચીનમાં કોઈ પણ જીવીત જીવને ખાવાના ઉપયોગમાં લેવામાં આવે છે... તેમાં પણ એક સમયે ચામાચીડિયાને કારણે રોગ ફેલિવાના બહાને લાખો ચામાચીડિયાને ભોમાં ભંડારી દીધા હતા.... હવે એજ ચીનના માસ માર્કેટમાં ચામાચિડીયા,માછલી સહિતના અનેક પ્રકારના જીવતા જવોનો વેપાર શરૂ થઇ ગયો છે.... જે ચિંતાનું કારણ છે. આ કારણે કોરોનાનો પ્રથમ કેસ વુહાનમા નોંધાયો પરંતુ દર્દીની સારવાર ન્યુમોનિયા સમજીને કરવામાં આવી ત્યારે તેનું મોત થયું.... અને સારવાર કરનાર ડોક્ટરને પણ આ રોગ લાગુ પડતા તેનું પણ મોત થયું. પછી ચીન જાગી ગયું છતાં વિશ્વના દેશોથી આ વાત છુપાવીને વિશ્વના દેશો સાથે દગો કર્યો.....! એ તો ઠીક પરંતુ આ રોગ વુહાનમાં ફરી વળ્યો છતાં પોતાના વિદેશમાં રહેતા નાગરિકોને જવા દીધા... અને વુહાનમાંથી પણ હજારોની સંખ્યામાં લોકોને અન્ય દેશોમાં જવા દીધા. અને તેના પરિણામો... આજે સમગ્ર દુનિયા જોઈ-અનુભવી રહી છે.....! ફિલ્મ અભિનેતા કમલ હાસને વડાપ્રધાન મોદીજીને માર્ચની ૨૩ મીએ એક પત્ર લખ્યો હતો પછી પુન: પત્ર લખીને lockdown ને મોટી ભૂલ ગણાવવા સાથે લખ્યું છે કે ભારતમાં ૩૦ જાન્યુઆરીએ પ્રથમ કેસ નોંધાયો હતો. અને આ સમયે ભારતે જાગી જવાની જરૂર હતી....ઈટલીમા જે બન્યું તેમાથી પણ શીખ્યા નહીં કે કોઈ પગલા લીધા નહી તેવુ સ્પષ્ટ લખ્યુ છે... છતાં એક વાત સ્પષ્ટ છે કે મોદીજીએ લોકડાઉન જાહેર કર્યુ તેનો દેશભરમાં સ્વીકાર થયો.... પરંતુ આ દરમિયાન અનેક નેતાઓનું જાહેરમાં વસ્તુઓનું વિતરણ સમયે થતી ભીડ, સંસ્થાઓ દ્વારા ડિસ્ટન્સ જાળવ્યા વગર અનાજ-ફૂડ પેકેટ વગેરેનું વિતરણ, નાની મોટી સંસ્થાઓ દ્વારા લોકોને સહાય આપવી ...જેના વિડીયો પણ વાયરલ થયા છે.... તો ખરીદી કરવાની નામે ફરવા નીકળી પડતા સમજ વગરના લોકો આ બધા કોરોના વાયરસ વાહક બની ગયા.....! દિલ્હીમાં તબગિલી સમાજનું સંમેલન અને યુકેમાં ઈસ્કોન દ્વારા બે ધાર્મિક કાર્યક્રમો યોજાયા મોટાભાગના લોકો કોરોના વાયરસ વાહક બન્યા છે.....! આવા લોકો અન્ય લોકો માટે કોરોના બોમ્બ બની ગયા છે....! જેમાં તબલિગી સમાજના કોરોના પોઝિટીવ ધરાવતા ૭ જેટલાના મોત થયા છે. તો ઈસ્કોનના ૫ વ્યક્તિના મોત થયા છે. આવા અડબંગ,અબુધો,અંધ લોકોને કારણે મોદીજીની વિનંતીને અવગણતા ભારતમાં કોરોના કેસો ઝડપથી વધવા લાગ્યા છે. છેલ્લે પ્રાપ્ત વિગતો અનુસાર ૪૬૮૫ પર કોરોના વાયરસગ્રસ્તોનો આંકડો પહોંચી ગયો છે. તો મૃતાક ૧૩૯ પર પહોંચી ગયો છે. આ બધા વચ્ચે પોતાના જીવ જોખમમાં મુકી કોરોના દર્દીને બચાવવા સેવા સુશ્રુષા કરતા ડોક્ટરો, નર્સો,મેડિકલ કર્મચારીઓ કોરોનાની ચપેટમા આવી ગયા છે. તો લોકડાઉન ભંગ ન થાય તે માટે ૨૪ કલાક ફરજ બજાવતા કેટલાક પોલીસો પણ ચપેટમાં આવી ગયા છે. ટૂંકમાં હવે કોરોનાનું સ્થાનિક સંક્રમણ વધવા લાગ્યું છે. ત્યારે લોકો મોદીજીએ જાહેર કરેલા lockdownનો ફરજીયાત પાલન કરીને ફરજ અદા કરે..... નહીં તો....! કોરોના તો રાહ જ જોઈ રહ્યો છે.....!! ચીનને માત્ર કોરોનાથી જ લડવું પડયું એટલે જીતી ગયું..... પરંતુ ભારતમાં તો લડાઈ કોરોનાની સાથે સાથે અજ્ઞાનતા, બેફીકરાઈ, અલગ અલગ વિચારધારાઓ, ધાર્મિક મતભેદો, કટ્ટરતા, પક્ષપાત અને ધર્માંધતા વગેરેથી પણ કરવાની છે..... એટલે દેશમાં કોરોના સામેની આ લડાઈ સરળ કે સહેલી નથી....! છતાં આપણે કોરોના સામે અવશ્ય જીતીશુ.... કારણ માણસ માણસ વચ્ચે ભાઈ ચારો રાખવો એ જ ઉદ્દેશ્ય દરેકનો છે. માટે જ સફળતા જરૂર મળવાની છે. એમાં કોઈ સંશય નથી.... સુખી માણસોએ દુ:ખ પરિવારને મદદ કરી બચાવી લેવાના છે. તો કીર્તિ માટે ભામાશા બનેલાઓ ધર્મસંસ્થાઓ, ટ્રસ્ટો વગેરે સહાય કરતા ફોટા ન પાડે કે વિડિયો ન ઉતારે અને નાના- મોટા દાતાઓની જાહેરાતો કર્યા વગર પ્રસિદ્ધિથી દૂર રહીને મદદ કરે છે તેમ સહાય કરો...જે રીતે રાજકોટમાં દરેક જ્ઞાતિના સુખી સંપન્ન લોકો એક થઈને ઘેર ઘેર જઈને મૂંગા મોઢે અનાજ સહિતની જીવન જરૂરી ચીજ વસ્તુઓના પેકેટ પહોંચાડે છે. તેમ પહોંચાડો તો સાચા અર્થમાં ભામાશા કહેવાશો... એ જ રીતે જર્મનીમાં અમુક-અમુક સ્થળો પર અનાજની કિટો, જમવાનું વગેરે લટકાવી દેવામાં આવે છે અને જરૂરત વાળા જરૂર મુજબ જ ઈમાનદારીથી લઈ જાય છે જે કિટ ઉપર નથી કોઈનું નામ ઠામ કે નિશાન.... બસ માત્ર માનવીય અભિગમ અમલમાં મૂકાયો છે. બીજી તરફ સરકાર દ્વારા જે અનાજ- દાળ વગેરે આપવામાં આવે છે કે વિતરણ કરવામાં આવે છે તે સ્વાસ્થ્યને હાનિ કરતા હોય છે તે માટે તંત્રએ તકેદારી રાખવી અતિ જરૂરી છે. માટે જ આપણા વડાપ્રધાને lockdown અંગે આપેલી સૂચનાઓનું પાલન કરવા સાથે આરોગ્ય તંત્ર, મહેસુલ તંત્ર,ડૉક્ટર્સો-નર્સો, મેડિકલ કર્મચારીઓ, પોલીસ, પત્રકારો-મીડિયા સહિતનાને સહયોગ આપીને મદદરૂપ બનો તે અતિ જરૂરી છે. ત્યારે ગરીબ- ગરીબોને મદદ કરનારાઓને હૃદયથી વંદન.... પરંતુ લોઅર મધ્યમ વર્ગના લોકોને સાચા ભામાશા બની ઘેર બેઠા અનાજ સહિતની કીટ પહોંચાડવી અતિ જરૂરી છે.....! તો પ્રસિદ્ધિ ન લેવી હોય તેવા દાતાઓ સહાય પહોંચાડવા તૈયાર થશે ખરા......?વંદે માતરમ્.

# કેસરી નંદન ની કરુણા મયી કૃપા નું પાવન પર્વ હનુમાન જયંતિ

હનુમાનજી એક એવુ આસ્થા કેન્દ્ર જેમાં થી આપણે ઘણું શ્રદ્ધા થી શીખીયે છીએ. કષ્ટભંજન દેવ માંથી શીખવાનું એટલું કે તેમની નિર્ણય લેવાની શક્તિ એ રામાયણ આધારે શ્રેષ્ઠ છે. સમયોચિત નિર્ણય લેવા નો ગુણ આપણે હનુમાનજી માંથી શીખવા મળે છે. આપણે આપણું કર્મ, ગુરુ, રાજા, વગેરે પ્રત્યે કેટલું પ્રામાણિક અને સંપૂર્ણ સમર્પિત રહેવું જોઈએ તે આ તત્વ શીખવે છે. દરેક ઈશ્વરીય શક્તિ ને પ્રાયોગિક સમજીયે તો આપણને ઘણું જીવન જીવવું સરળ બની જાય છે. આજે કદાચ હું વ્યહાર યુક્ત વાત હનુમાનજી ની આપણા માટે વિચારું છું. સામાન્ય આપણા જીવન માં આવતી સમસ્યા ના સમાધાન માટે આપણે તેમના




જીવન ને અનુસરીયે તો શ્રેષ્ઠ છે. હનુમાનજી ના જીવન માં આવેલ સમસ્યા વખતે તેમણે હાસ્ય સાથે સમાધાન કરેલા છે. પરમાર્થ માટે સમગ્ર જીવન જીવી જવાય તો રામ પોતાના ભાઈ ભરત જેટલાં પ્રિય સમજી શકે આ વાત આપણા સૌ ના વિધાયક જીવન પરિવર્તન માટે ખુબ જરૂરી છે. આપણે નિત્ય તેમની શ્રદ્ધા થી પ્રફુલ્લિત રહીયે છીએ.

હું તો એવુ માનું છું જેવી રીતે શરીર માં શ્વાસ ચાલવા ખુબ જરૂરી તેવી રીતે આપણા આસ્થા રૂપી શ્વાસ ચાલતા રહેવા જોઈએ તે પણ ખુબ જરૂરી છે. આજ ભરોસો એ કરવો કે મુકવો એ અઘરો પ્રશ્ન છે ત્યારે ભરોસાની અગ્રીમ આસ્થા હનુમાનજી છે. હનુમંત તત્વ આપણને એક સાથે રહી સૌ ને સદ્દુપયોગી થવાનું શીખવે છે. કિષ્કિન્ધા થી અયોધ્યા સુધી ના તેમના સેવક સફર ભગવાન રામ ની સેવા ભાવના આપણે સૌ તેમાંથી સમર્પિત લાગણી શીખીયે છીએ.... આજ ના પાવન દિવસે શ્રી હનુમાનજી શ્રી ચરણો માં પ્રણામ........

(લેખક:-નિકુંજ પંડિત. સાજણાવાવ )

### કોરોનાના કહેરમાં વીમા સુરક્ષા કવચ આપવા પંચાયતકર્મીઓની માંગ

# આરોગ્ય તેમજ સફાઈ કર્મચારીઓની જેમ જ ગ્રાપંચાયતના કર્મચારીઓ કાર્ય કરી રહ્યા છે

અરવલ્લી બ્યુરો મોડાસા

સમગ્ર દેશમાં કોરોના વાઈરસે કહેર મચાવ્યો છે. ત્યારે કોરોનાને હરાવવા માટેની લડાઈમાં જે સફાઈ કર્મચારીઓ, આરોગ્ય કર્મચારીઓ સહિતના કર્મચારીઓને સરકાર દ્વારા જો કોરોનાના સંક્રમણથી મોત થાય તો ૨૫ લાખનું વીમા કવચ આપ્યું છે. ત્યારે પંચાયતકર્મીઓ દ્વારા પણ કોરોના સામેની લડાઈમાં ખભે ખભા મીલાવીને કામ કરવામાં આવી રહ્યું હોવાનું જણાવી પંચાયતકર્મીઓને પણ વીમા કવચ આપવા માટે સરકારમાં રજૂઆત કરી હતી.

ગુજરાત રાજ્ય તાલુકા વિકાસ અધિકારી સંવર્ગ-૨ એસોશીયેશન દ્વારા સરકાર દ્વારા ૨૫ લાખનું વીમા સુરક્ષા કવચ આપવા માટે માંગ થઈ રહી છે. ત્યારે અરવલ્લી જિલ્લા એસોશીયેશને પણ પંચાયતકર્મીઓને વીમા સુરક્ષા કવચ આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. જેમાં જણાવાયું હતું કે કોરોના મહામારી સામે લડવા માટે રાજ્ય સરકારના તમામ પગલાંને ગ્રામ્યકક્ષાએ અમલી બનાવવા માટે પંચાયતના અધિકારીઓ, કર્મચારીઓ પ્રતિબધ્ધ અને કટિબધ્ધ છે. કોરોના સામેની લડાઈની તમામ કામગીરી પંચાયતના અધિકારીઓ, કર્મચારીઓ કુટુંબની પરવા કર્યા વગર અને જીવના જોખમે કામ કરી રહ્યા છે. ત્યારે રાજ્ય સરકાર પણ તેઓની પડખે ઉભી રહે તેવી અપેક્ષા છે.

પોલીસ અને આરોગ્યના કર્મચારીઓને કોરોનાની મહામારીમાં કામગીરી કરતાં મૃત્યુ થાય તેવા કિસ્સામાં ૨૫ લાખનું વીમા કવચ પુરુ પાડવામાં આવનાર છે તેવી જ રીતે પંચાયત વિભાગના અધિકારીઓ, કર્મચારીઓને પણ આ મુજબનું વીમા કવચ આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.



પાટણ શહેરની અગ્રણી સેવાકીય સંસ્થા એવી જાયન્ટ્સ પાટણ તરફથી કોરોના વાઈરસ સમયે સેવા બજાવતા પોલીસ કર્મચારીઓ તેમજ બીજા અન્ય કાર્યકરોને શહેરના વિવિધ પોલીસ પોઈન્ટ પર તેમજ ચાર રસ્તા પર આવેલ પોલીસ ડિવિઝન માં ફરજ બજાવતા કર્મચારીઓને નાસ્તા તેમજ ચા , ફરસી પુરી, મરચાં ,અને પાણી ની સગવડ પુરી પાડવામાં આવી.,આ સેવાકીય યજ્ઞ માં ગ્રુપ ના હોદ્દેદારો જેવાકે ઈશ્ર્વરભાઈ પટેલ,ઉજ્જવલ પટેલ (બોમ્બે મેટલ પ્રાથમિક શાળા આચાર્ય ),સત્યેન્દ્ર શાહ, દિલીપભાઈ ઠક્કર,,કીર્તિભાઈ દરજી,મૌલિકભાઈ દરજી હાજર રહ્યા હતા,આ પ્રોજેક્ટ માટે પાટણ શહેર ના નામાંકિત અને અગ્રણી જ્યોતિષ એવા લલિતભાઈ જોષી તરફથી સહયોગ મળેલ .





લાયન્સ કલબ ગાંધીનગર અને એસ.આર.પી ક્વાર્ટર સોસાયટી ના સહયોગ તેમજ અનુદાન થી સેકટર ૨૭ ખાતે એક ટેન્ટ બાંધીને ત્યાં સેકટર ૨૭ ના મધ્યમ ગરીબ વર્ગ ના લોકો નો સર્વે કરાવ્યા બાદ લાયન્સ કલબ ના પ્રમુખ સુનીલ ત્રિવેદી ના નેજા હેઠળ અત્યાર સુધી માં કુલ ૭૮ અનાજ.કરીયાણા ની કીટ નું વિતરણ કરવામાં આવ્યું આજરોજ ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક ના તંત્રી પ્રદીપ રાવલ ના હાથે પણ આજે કરીયાણા ની કીટ નું વિતરણ કરવામાં આવ્યું હતું આખા ગાંધીનગર માં અનેક સેવાભાવી સંસ્થાઓ અને ઘણા બધા ઉચ્ચ અધિકારીઓ અને આખી સરકાર અહીંથી ચાલે છે છતાં આ એકજ આવો દાખલો જોવા મળ્યો કે જ્યાં લાયન્સ કલબ દ્વારા સેકટર પરિવારો નો સર્વે કરાયા બાદ આવું વિતરણ પણ કરવામાં આવતું હોય.ભવિષ્યમાં સહયોગીઓ ના સહયોગ થી વધુ કીટ નું વિતરણ બીજા સેકટર ના સર્વે બાદ કરવામાં આવશે તેમ પ્રમુખ શ્રી સુનીલભાઈ તરફથી જાણવા મળેલ..

### પ્રાથમિક શાળાના બાળકોના

# ફૂડ સિક્યુરિટીના રૂ. ૫૪.૫૬ બેંક ખાતામાં જમા કરાવવા તાત્કાલિક આદેશ થી શિક્ષણ આલમમાં આક્રોશ

અરવલ્લી બ્યુરો મોડાસા

ગુજરાતમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં કોરોના વાયરસના પગલે મધ્યાહ્ન ભોજન યોજના બંધ રહેતા પ્રાથમિક શાળાઓના બાળકોને ફૂડ સિક્યુરિટી એલાઉન્સ ચૂકવવાનો આદેશ થતા સરકારી પ્રાથમિક શાળાઓમાં ધો.૧ થી ૮ સુધી અભ્યાસ કરતા બાળકોને આચાર્ય અને વર્ગ શિક્ષકની સહી સાથે કુપન આપી ઘઉં, ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં અનેક જગ્યાએ સોશ્યલ ડીસ્ટન્સના લીરેલીરા ઉડ્યા હતા ત્યારે વધુ એકવાર પ્રાથમિક શાળાના બાળકોના ફૂડ સિક્યુરિટીની ૧૧ દિવસની રકમ ધો.૧ થી ૫ માં અભ્યાસ કરતા બાળકોને રૂ.૫૪.૫૬ ૬ થી ૮ માં અભ્યાસ કરતા બાળકોને ૭૪.૫૬ રકમ જે તે બાળક કે તેના વાલીના ખાતામાં તાત્કાલિક જમા કરાવવાના મધ્યાહ્ન ભોજન યોજનાના કમિશનરના પરિપત્ર થતા કેટલાક જિલ્લાઓમાં તાત્કાલિક અસરથી કામગીરી કરવાના આદેશ થી શિક્ષકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે દેશ અને ગુજરાતમાં લોકડાઉનમાં લોકો ફરજીયાત ઘરમાં પુરાઈ રહ્યા છે લોકડાઉનની અમલવારી કરાવવા પોલીસતંત્ર આકરા પાણીએ છે લોકડાઉનનો ભંગ કરનાર સામે શખ્ત કાર્યવાહી કરવા અને સરકારી કર્મચારી હોય તો ખાતાકીય પગલાં ભરવાની ચેતવણી આપવામાં આવી છે ત્યારે મધ્યાહ્ન ભોજન યોજના બંધ રહેતા પ્રાથમિક શાળાઓના બાળકોને ફૂડ સિક્યુરિટી એલાઉન્સ ચૂકવવાનો આદેશ થતા શિક્ષકોમાં ભારે દોડધામ મચી છે બાળકોના બેંક ખાતામાં ધો.૧ થી ૫ માં અભ્યાસ કરતા બાળકોને રૂ.૫૪.૫૬ અને ધો.૬ થી ૮ માં અભ્યાસ કરતા બાળકોને ૭૪.૫૬ રકમ જમા કરાવવા જતા કોરોનાનો ભય સતાવી રહ્યો છે હાલ સરકારની વિવિધ સહાયના પગલે બેંકોમાં ભારે ભીડ ઉમટી રહી છે સરકાર સોશ્યલ ડિસ્ટન્સ જાળવવાની સલાહ આપી રહી છે ત્યારે બેંકોમાં બાળકોના ખાતામાં રૂપિયા જમા કરાવવાથી ભીડ વધુ એકત્રિત થવાની સંભાવના પેદા થઇ છે સરકારના પ્રાથમિક શાળાઓના બાળકોને ફૂડ સિક્યુરિટી એલાઉન્સ નું ચુકવણું બેંકમાં જમા કરાવવાના આદેશથી વાલીઓ માટે મૂંઝવણની સ્થિતિ જોવા મળી રહી છે લોકડાઉનની અમલવારીમાં બેંકમાં રકમ ઉપાડવા કઈ રીતે જવી સહિતના પ્રશ્નો ઉદ્દભવ્યા છે



લાયન્સ ક્લબ હેરિટેજ અમદાવાદ દ્વારા ભયંકર કોરોના વાયરસ ગુજરાત માં ફાટી નીકળેલ છે તેના ભાગ રૂપે ગાંધીનગર માં લાયન્સ ક્લબ તરફથી જલારામ મંદિર ખાતે ભાજપ ના મહાનગર ના સેવાના ઈન્ચાર્જ શ્રી મફત ભાઈ દેસાઈ તથા લાયન્સ ક્લબ હેરિટેજ ના પ્રમુખ શ્રી સુનિલ ભાઈ ત્રિવેદી તેમજ બીજા કાર્યકરો સાથે જલારામ મંદિર ખાતે કોટન માસ્ક નું વિતરણ કર્યુ અને સેક્ટર ૨૯ ઝૂંપડપટ્ટી ખાતે ભાજીપાઉં નું વિતરણ આજરોજ કરવામાં આવ્યું અને ઝૂંપડપટ્ટી ની જનતા એ પણ રશ લઈ સહકાર આપ્યો . કોરોના હેલ્પ સેન્ટર સેકટર ૨૭ સેનાપતિ કચેરી તથા લાયન્સ કલબ તરફથી સેકટર ૧૫ ફતેપુરા ખાતે બીજેપી ના કોરોના ઈન્ચાર્જ મફતભાઈ ના હસ્તે માસ્ક નું વિતરણ કરવામાં આવ્યું જેમાં લાયન્સ પ્રમુખ સુનિલભાઈ ત્રિવેદી તથા સામાજિક કાર્યકર રામસિંહ ઠાકોર તથા મનોજભાઈ રાવલ તથા પોલીસ અધિકારી દ્વારા માસ્ક નું વિતરણ કરવામાં આવ્યું

# ભિલોડાના ૭ વર્ષના બાળકને શંકાસ્પદ કોરોના સેમ્પલ પરીક્ષણ માટે મોકલાયા

અરવલ્લી બ્યુરો મોડાસા

સમગ્ર ભારત સાહિર વિશ્વ કોરોના વાયરસના ભરડામાં સપડાયો છે,ત્યારે ગુજરાત પણ એમાંથી બાકાત નથી,૧૪૫ કોરોના પોઝીટિવ ના દર્દી હાલ સારવાર હેઠળ છે,અને ૧૨ દર્દી ના મોત નિપજ્યા છે,અરવલ્લી જિલ્લામાં પણ ૨૨ જેટલા શંકાસ્પદ કેસ જણાતાં તમામ દર્દીઓના સેમ્પલ લેબોરેટરી પરીક્ષણ માટે મોકલાયા હતા. જેમાં તમામ દર્દીઓના રિપોર્ટ નેગેટિવ આવતા અરવલ્લી જિલ્લા વહીવટીતંત્ર તેમજ આરોગ્યતંત્રએ હાસકારો અનુભવ્યો હતો. ત્યારે વધુ એક સાત વર્ષના બાળકને શરદી ખાંસી સહિતના શંકાસ્પદ લક્ષણો જણાતાં સારવાર માટે ભિલોડની કોટેજ હોસ્પિટલમાં ભરતી કરાયો હતો. સાર્વજનિક હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડમાં ઓબ્ઝર્વેશન હેઠળ રાખી બાળકના સેમ્પલ લીધા હતા બાળકનો રિપોર્ટ નેગેટિવ આવતા તંત્રએ હાશકારો અનુભવ્યો હતો કોરોનાના લક્ષણો શંકાસ્પદ જણાતાં સાત વર્ષના બાળકને મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડમાં ઓબ્ઝર્વેશન માટે રાખવામાં આવ્યો હતો. જયાં તેના સેમ્પલ લઈ પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા હતા. જેના પરિક્ષણનો રીપોર્ટ આજે આવશે તેમ અરવલ્લી જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું. જો કે સમચાર લખાય છે ત્યાં સુધી અરવલ્લી જિલ્લામાં એક પણ કોરોના વાઈરસનો પોઝીટીવ કેસ નોંધાયો નથી.




### હાલમાં માત્ર બીપીએલ અત્યોદય કાર્ડ ધારકોને જ રેશનિંગ અપાય છે : મનોજ પટેલ

# પાટણમાં એપીએલ પરિવારોને રેશનીંગ મળી રહે તે માટે અલગ તારીખ જાહેર કરો

પાટણ શહેર અને જિલ્લામાં તમામ પ્રકારની શ્રેણીના રેશનિંગ ના કાર્ડધારકોને અનાજ ચોખા દાળનો જથ્થો નિઃશુલ્ક આપવાની સરકારની યોજનાનો લાભ લેવા જયારે પાટણની સસ્તા અનાજની દુકાનો પર લોકોની લાઇનો લાગી રહી છે ત્યારે દુકાનદારો માત્રને માત્ર અત્યોદય અને બીપીએલ પરિવારોને જ અનાજ નો પુરવઠો આપી રહી છે ત્યારે એપીએલ પરિવારોને આપવામાં આવતો નથી આવા પરિવારોને નિયમોની પૂરતી જાણકારી ન હોવાથી લાંબી લાઇનોમાં ઉભા રહ્યા બાદ જયારે તેમનો નંબર વારો આવે ત્યારે તેઓને એપીએલ હોવાથી જથ્થો નહીં મળી શકે તેવું જણાવતા તેઓને ધક્કો ખાવો પડી રહ્યો છે

આવી સ્થિતિને ટાળવા માટે સરકારે બીપીએલ અંત્યોદય માટે વિતરણની તારીખ અને એપીએલ પરિવારો તથા કાર્ડ ન હોય તેઓ માટે વિતરણની તારીખો જાહેર કરવી જોઈએ જેથી આવા પરિવારોને ધકકા ખાવા ન પડે આ અંગે પાટણ નગરપાલિકાના સદસ્ય અને ભાજપના નેતા મનોજ કે પટેલે જણાવ્યું કે સરકારે આવી તારીખો સત્વરે જાહેર કરીને એપીએલ પરિવારોને પણ લાભ મળતો થાય તેવી વ્યવસ્થા કરવી જોઇએ

પાટણશહેરમાં લાક ડાઉનને પગલે તમામ રોજગાર ધંધા બંધ થઇ જતા ગરીબ મધ્યમ વર્ગના પરિવારોને આર્થિક તંગીનો રોજગારી ન હોવાથી સામનો કરવો પડી રહ્યો છે આવા પરિવારોને પાટણના દાનવીરો અને દાતાઓ સંસ્થાઓએ સેવા યજ્ઞો શરૂ કરીને શરૂઆતના દિવસોમાં ભોજન વ્યવસ્થા પૂરી પાડી હતી પરંતુ હવે આ સેવાભાવીઓની પણ ધીરજ ખૂટી હોવાથી રોજે રોજ ભોજન વ્યવસ્થા કરવી મુશ્કેલ બની રહેલી જણાય છે છતાં કેટલીક સંસ્થાઓ હજુ પણ તેમનો સેવાયજ્ઞ જારી રાખી રહી છે

બીજી તરફ સૌથી મુશ્કેલી એપીએલ કાર્ડ ધારકો મધ્યમ વર્ગના છે તેઓ સામે ચાલીને ભોજન વ્યવસ્થા સ્વીકારવામાં સંકોચ અનુભવી રહ્યા છે આવા પરિવારોની સ્થિતિ સુડી વચ્ચે સોપારી જેવી બનેલી છે માટે આવા પરિવારો ચિંતા સરકારે કરીને તેમને પણ અનાજ ચોખાનો પુરવઠો મફત મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ તેમ કોર્પોરેટર મનોજ પટેલે જણાવ્યું હતું

# પાલનપુરના રૂપપુરા ગામના યુવાને આરોગ્ય અને બેંક કર્મચારીઓના આભાર માન્યો

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

સમગ્ર દેશ માં કોરોના ની દહેશત છે ત્યારે પોલિસ આરોગ્ય અને સફાઈ કર્મીઓ ખૂબ કામ કરે છે ત્યારે પાલનપુર તાલુકાના રૂપપુરા ગામના હાર્દિક ચૌધરી નામના યુવકે આ કોરોના સામે રાત દિવસ લડત આપે છે એવા લોકોનો આભાર માન્યો હતો અને ગોળા ગામના આરોગ્ય વિભાગ ,બેન્ક ના કર્મચારીઓ અને પોસ્ટ ખાતા ના કર્મચારીઓ નો આ યુવકે આભાર માન્યો હતો જયારે દેશ માં ૨૧ દિવસનું લોકડાઉન છે ત્યારે આ લોકો ખડેપગે રાત દિવસ પોતાની અને ફેમેલી ની ચિંતા કર્યા વગર આ કોરોના ની મહામારી સામે લડત આપે છે ત્યારે આ યુવાને આ લોકોનો જુસ્સો વધારવા એમનો આભાર માન્યો હતો

### સાબરકાંઠામાં કોરોના અરવલ્લી તંત્ર સતર્ક

# કલેક્ટરનું નવું જાહેરનામું અરવલ્લીમાં ૧૦ વાગે લોકડાઉન ગ્રામ્ય વિસ્તારમાં એક જ પ્રવેશદ્વારનો ઉપયોગ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

સમગ્ર રાજ્યમાં કોરોનાએ હાહાકાર મચાવ્યો છે ત્યારે કોરોના પોઝીટીવ કેસ સાબરકાંઠા જિલ્લામાં પણ આવી ચુક્યો છે. હિંમતનગર ખાતે સિવિલમાં આઈસોલેશનમાં કામ કરતા યુવકને કોરોના પોઝીટીવ આવતાં સાબરકાંઠા જિલ્લો હચમચી ઉઠ્યો હતો. સાથે અરવલ્લીમાં પણ કોરોનાની દસ્તકના ભયને લઈને અરવલ્લી જિલ્લા કલેક્ટરે મંગળવારના રોજ નવું જાહેરનામુ બહાર પાડ્યું હતું. જેમાં અનેક નવા નિયમો કોરોના સંક્રમણને રોકવા માટેના લાદવામાં આવ્યા છે. લોકડાઉન જાહેર થયું છતાં પણ લોકો સમજતા ન હોવાને કારણે નિયંત્રણો મુકવા ખુબ જ જરૂરી છે.

સાબરકાંઠા જિલ્લામાં કોરોના પોઝીટીવ કેસ મળ્યા બાદ પડોશી જિલ્લાઓમાં પણ ફફડાટ વધ્યો છે. જો કે આ અંગે તંત્ર જેટલું ચિંતાગ્રસ્ત છે તેની સામે કેટલાય લોકો બિન્દાસ્ત છે. લોકડાઉનનો સંપૂર્ણ અમલ કરવામાં લોકો ઉણા ઉતરી રહ્યા હોવાને કારણે કડક અમલ કરાવવા તંત્રએ કમર કસી છે. ત્યારે અરવલ્લી જિલ્લા કલેક્ટરે મંગળવારના રોજ નવું જાહેરનામુ પ્રસિધ્ધ કર્યું હતું. જેમાં કોરોના વાઈરસના સંક્રમણને રોકવા અંગેના નિયંત્રણો લાદવામાં આવ્યા છે.

કયા પ્રતિબંધ મુકવામાં આવ્યા ?

૧)લેખિત પરવાનગી વગર અવર-જવર પર પ્રતિબંધ લદાયો

૨)શાકભાજી સવારે ૭ થી ૧૦ સુધી જ વેચી શકાશે

૩)જિલ્લામાંથી બહાર જવા કે પ્રવેશ પર સંપૂર્ણ પ્રતિબંધ

૪)ગામડાઓમાં એક જ પ્રવેશદ્વાર રાખવા અને રસ્તાઓ તાત્કાલિક અસરથી બંધ કરવા આદેશ

૫)બાઈક પર એક વ્યક્તિ અને કારમાં ત્રણ વ્યક્તિઓને જ મુસાફરી કરી કરવા સૂચન

૬) ૧૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને મુસાફરી પર પ્રતિબંધ (મેડીકલ ઈમર્જન્સી સીવાય)

૭) ૧૪ એપ્રિલ સુધી લોકડાઉનની કડક અમલવારી કરવા પોલીસને સતર્ક કરાઈ

**ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક પારિવારિક ઊર્મિ ફાઉન્ડેશન દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે કે અમારા સહયોગીઓ દ્વારા રોજ ૨૫૦ થી ૨૭૫ ફૂડ પેકેટ તેમજ કરિયાણા ની કીટ નું જરૂરિયાતમંદ લોકો માં વિતરણ જુદા જુદા વિસ્તારમાં કરવામાં આવે છે.આ પ્રવૃત્તિ છેલ્લા ચાર દિવસ થી અવિરત ચલી રહી છે.આપ પણ આપનો સહયોગ એક કીટ ના ૭૦૦ રૂપિયા કે ૯૦૦ રૂપિયા.નાની મોટી કીટ પ્રમાણે અમારા અખબાર ના મેમનગર.વાસણા.શાહપુર હલીમ ની ખડકી.ગોઝારીયા પોળ કકે ગાંધીનગર મુખ્ય કાર્યાલય ખાતે સંપર્ક કરીને કરી શકો છે.**

**તંત્રી : પ્રદીપ રાવલ.(૯૮૨૪૬૫૩૦૭૩)**

**સહતંત્રી નિલેશ રાવલ.અમદાવાદ**

**(૯૮૨૫૩૬૨૭૫૮)(૯૮૨૪૦૯૬૨૫૦ બકુલ રાવલ)**

# કોરોનાના ભરડામાં અમદાવાદ, છેલ્લા ૧૨ કલાકમાં નોંધાયા ૧૩ કેસ

અમદાવાદ,તા.૭

આમ આજે ગુજરાત માટે આજનો દિવસ ગંભીર બની ગયો છે. જેમાં આજે એક દિવસમાં સૌથી વધુ કેસ સામે આવ્યાં છે. અત્યાર સુધી માત્ર આ આંકડો ૧૨થી ૧૫ની વચ્ચે જોવા મળતો હતો ત્યારે આજરોજ એક દિવસમાં ૧૯ કેસ સામે આવતા તંત્ર ચોંકી ઉઠ્યું છે.

અમદાવાદ શહેરની વાત કરીએ તો અમદાવાદમાં પણ એક જ દિવસનો અત્યાર સુધીના સૌથી વધારે આંકડો સામે આવ્યો છે.

અમદાવાદમાં કોરોના વાયરસના કેસ સતત વધી રહ્યાં છે. આજે અમદાવાદમાં વધુ ૧૩ નવા કેસ નોંધાયા છે. અમદાવાદમાં પૂર્વ વિસ્તારમાં સૌથી વધારે કેસ નોંધાયા છે. સોમવારે અમદાવાદમાં ૧૧ કેસ નોંધાયા હતા આજે ૧૩ કેસ નોંધાયા છે. આમ અમદાવાદમાં છેલ્લા ત્રણ દિવસમાં અંદાજે ૩૦ જેટલા કેસમાં વધારો થયો છે. અમદાવાદ કોરોનાનું હોટસ્પોટ બની રહ્યું છે. જેમાં અમદાવાદનો પૂર્વ વિસ્તાર સૌથી વધુ અસરગ્રસ્ત છે. અમદાવાદમાં ૧૫ લોકો વિદેશથી આવેલા સંક્રમિત છે. જ્યારે ૨૭ આંતરરાજ્ય અને ૩૫ લોકલ લોકો કોરોનાથી સંક્રમિત થયા છે.

અમદાવાદમાં આજે બોડકદેવ, સોલા અને જુહાપુરામાં કોરોના પોઝિટીવ કેસો

અમદાવાદમાં આજે નવા કેસો બોડકદેવ, જુહાપુરા, સોલા અને દરિયાપુરના નોંધાયા છે. તો રાજયમાં સૌથી વધુ કોરોનાના દર્દી એક પછી એક અમદાવાદમાં સામે આવી રહ્યા છે.

આ કેસમાં જુહાપુરામાં કેસની સંખ્યા વધતી જાય છે. નવા કેસમાં જુહાપુરામાં છ કેસ નોંધાયા છે. તો નવા વિસ્તારમાં હવે અમદાવાદના સોલા રોડ વિસ્તાર પણ ઉમેરાયો છે.

સોલા રોડમાં પારસનગર વિસ્તારમાં રાજેન્દ્રસીંગ્ રાજપૂત નામના શખસને કોરોના છે. તો બોડકદેવ વિસ્તારમાં દેવરાજ ટાવરના સોનલબહેન શાહ નામની ૫૯ વરસની મહિલા ઉપરાંત મોનલબહેન શાહ પણ કોરોનાના દર્દી બન્યા છે. તો દેવપ્રીત એપાર્ટમેન્ટના રીટાબહેન ધ્રુવનો પણ કોરોના પોઝિટિવ આવ્યો છે.

આજે એક પણ મૃત્યુ થયુ નથી. આજે ૧ વ્યક્તિ ડિટ્ચાર્જ પણ થઈ ગયા છે. ૧૨૬ જેટલા લોકો સ્ટેબલ છે. ૪ વ્યક્તિને વેન્ટીલેટર પર રાખવામાં આવ્યા છે. પાટણમાં ૩ નવા પોઝીટીવ કેસ આવ્યા છે. અત્યાર સુધીમાં ૩૦૪૦ ટેસ્ટ કર્યા છે. આજે એક પણ મૃત્યુ થયુ નથી. આજે ૧ વ્યક્તિ ડિટ્ચાર્જ પણ થઈ ગયા છે. ૧૨૬ જેટલા લોકો સ્ટેબલ છે. ૪ વ્યક્તિને વેન્ટીલેટર પર રાખવામાં આવ્યા છે. પાટણમાં ૩ નવા પોઝીટીવ કેસ આવ્યા છે.

અમદાવાદમાં જોવા મળેલા પોઝિટિવ કેસોના ક્લસ્ટરને પગલે રાજ્ય સરકારે તેવા વિસ્તારોને ક્લસ્ટર કેન્ટેમેન્ટ કામગીરી હાથ ધરી છે. ત્યાં સંપૂર્ણ રીતે લોકડાઉન કરવામાં આવે છે. તેમજ સઘન સર્વે હાથ ધરીને હાઈ રિસ્ક અને રોગના લક્ષણો ધરાવતા દર્દીઓને શોધી કાઢીને તેમનું નિદાન અને સારવાર કામગીરી હાથ ધરાય છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.